Reg. No. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગના હિતાર્થે પ્રકટ થતું.

# બુદ્ધિપ્રભા.

## (Light of Reason.)

વર્ષ ૩ જું. સને ૧૯૧૧. ડીસેમ્બર. અંક ૯ મો.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥
नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

---

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ તરફથી,

સુપ્રીન્ટેન્ડન્ટ શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ હિંદના નામદાર શહેનશાહ પાંચમા જ્યૉર્જના રાજ્યાભિષેક પ્રસંગનું યશોગાન ... ... ... | ૨૫૭ | ૬ ગૃહસ્થાશ્રમ શાથી ઉત્તમ શોભી શકે ... ... | ૨૭૪ |
| ૨ અધ્યાત્મ જ્ઞાનની આવશ્યકતા. | ૨૫૮ | ૭ રાજ્યાભિષેકનો માંગલિક પ્રસંગ. ... ... ... | ૨૮૧ |
| ૩ ભવાંતક ભાવનાઓ. ... | ૨૬૨ | ૮ કર્તવ્યશીલ જીવન. ... | ૨૮૨ |
| ૪ આનંદી થાઓ | ૨૬૫ | ૯ દયાનુ દાન કે દેવકુમાર ... | ૨૮૬ |
| ૫ ક્રોધ | ૨૭૦ | | |



# હવે માત્ર જુજ નકલોજ શીલક છે માટે વ્હેલો તે પહેલો.

# મલયાસુંદરી.

---

( રચનાર. પંન્યાસ કેસર વિજયજી. )

કૃત્રીમ નૉવેલોને ભુલાવનાર, તત્વ જ્ઞાનને સમજાવનાર, કર્મની વિચીત્ર ગતીનો અપૂર્વ નમુનો એવો આ ગ્રંથ હોવાથી તેની ૧૭૦૦ નકલો જુજ વખતમાં ખપી ગઈ છે. કીંમત માત્ર રૂ. ૦–૧૦-૦.

બુદ્ધિપ્રભાના ગ્રાહકો માટે કીં. રૂ. ૦–૬–૦ રાખવામાં આવી છે પણ જે ગ્રાહકનું લવાજમ વસુલ આવ્યું હોય તેનેજ તે કીંમતે મળે છે.

બુદ્ધિપ્રભાના ગ્રાહક થનારને આવી રીતે કેટલાક બીજા લાભ પણ અપાય છે માટે તેના ગ્રાહક ના હોવ તો જરૂર થાઓ કારણ કે તેથી બોર્ડીંગને સહાય કરવાનું પુણ્ય હાંસીલ થાય છે અને સદ્જ્ઞાનનું વાંચન મળે છે.

લખો.—જૈન બોર્ડીંગ—અમદાવાદ.

ઠે. નાગોરીશરાહ.

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिप्रद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૩ જું. તા. ૧૫ મી ડીસેમ્બર સન ૧૯૧૧ અંક ૯ મો.

## हिंदना नामदार शहेनशाह पांचमा ज्योर्जना राज्याभिषेक प्रसंगनुं यशोगान.

કવ્વાલિ.

સદા નૃપ જ્યોર્જ જગમાંહિ, દયાનાં બહુ કરો કાર્યો;
પ્રજાપર પ્રેમ રાખીને, દીપાવો શહેનશાહીને. ૧

ગરીબોનાં હૃદય વ્હ્રુશો, ગરીબોનાં હરો દુઃખો;
નિહાળી ઐક્ય દૃષ્ટિથી, દીપાવો શહેનશાહીને. ૨

કરો પરમાર્થનાં કાર્યો, હૃદયમાં સામ્યને ધારી.
વધારી સૃષ્ટિમાં શાન્તિ, દીપાવો શહેનશાહીને. ૩

ભલામાં ભાગ લેવાને, જીવન સઘળું વહો નિર્મલ;
પ્રજાનાં દુઃખ છેદીને, દીપાવો શહેનશાહીને. ૪

સદા હો રાજ્યમાં શાન્તિ, પ્રજામાંહિ રહો શાન્તિ.
દયાના મેઘ વર્ષાવી, દીપાવો શહેનશાહીને. ૫

પ્રજાથી શોભતો રાજા, ઉડુગણુમાં યથા ચન્દ્રજ,
પ્રજાપર રહેમ રાખીને, દીપાવો શહેનશાહીને. ૬

સદા સદ્ગુણથી શોભો, તમારૂં દીલ દુનિયામાં;
પશુ પંખી બચાવીને, દીપાવો શહેનશાહીને. ૭

સકલને ન્યાય છે સરખો, મનુષ્યોનું કરો રક્ષણ;
પ્રતાપી પુણ્યના યોગે, દીપાવો શહેનશાહીને. ૮

સકલ ભારતતણા જૈનો, સફરમાં શાન્તિને ઇચ્છે,
"બુદ્ધચબ્ધિ" ધર્મના લાભે, દીપાવો શહેનશાહીને. ૯

---

# अध्यात्मज्ञाननी आवश्यकता,

( લેખક. મુનિશ્રી બુદ્ધિસાગરજી. )

દુનિયામાં અધ્યાત્મજ્ઞાન વિના કોઇ દર્શન ટકી શકતું નથી. આત્મિક જ્ઞાન થયા વિના વિષયોને જીતી શકાતા નથી. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય અધ્યાત્મસાર ગ્રન્થમાં અધ્યાત્મજ્ઞાનને સર્વ પ્રકારના જ્ઞાનમાં ઉત્તમ માને છે, શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પણ અધ્યાત્મ જ્ઞાનની ઉત્તમતા સ્વીકારે છે. અધ્યાત્મ જ્ઞાનથી મન વાણી અને કાયાના યોગની શુદ્ધતા થાય છે. જગતમાં ચિન્તામણિરત્ન સમાન અધ્યાત્મજ્ઞાન છે. અધ્યાત્મજ્ઞાનના પ્રતાપે ભારત દેશની ભૂમિ ઉત્તમ ગણાય છે. પાશ્ચિમાત્ય દેશોમાં બહિર વિદ્યાના યોગે બાહ્યોન્નતિ દેખાય છે. કિન્તુ આન્તરિક ઉન્નતિના અભાવે દયા આદિના સિદ્ધાન્તોનો વિશેષ પ્રમાણમાં ફેલાવો થયો નથી. જે જે કાલમાં અધ્યાત્મજ્ઞાનપરથી લોકોની વૃત્તિ હઠી જાય છે અને અધ્યાત્મ જ્ઞાનનું સ્વરૂપ સમજનારાઓ ઉપર તિરસ્કાર છૂટે છે તે તે કાલમાં ભારતમાં અનેક યુદ્ધો, કલેશો અને કુસંપ દેખાવ આપે છે. મનુષ્યોનો અધ્યાત્મ જ્ઞાનમાં પ્રવેશ થવો મહાદુર્લભ છે. કેટલાક અધ્યાત્મ જ્ઞાનનું ખંડન કરે છે તેનું કારણ એ છે કે તેઓએ અધ્યાત્મજ્ઞાન રસનું આસ્વાદન કર્યું હોતું નથી. કેટલાક મનુષ્યો કોઈ અધ્યાત્મ નામ ધારક મનુષ્યના દુરાચરણને દેખી એમ બોલવા મંડી જાય છે, કે

"અધ્યાત્મજ્ઞાન વા નિશ્ચયવાદી થવાથી ભ્રષ્ટ થવાય છે." પણ આમ બોલનારાઓને ઉત્તરમાં કહેવું પડે છે કે-આચાર અને સુવિચારથી ભ્રષ્ટ થવામાં અધ્યાત્મજ્ઞાન પોતાની શક્તિ કદી વાપરતું નથી. અધ્યાત્મજ્ઞાનથી તો દુરાચાર અને ભ્રષ્ટ વિચારનો નાશ થાય છે. તેમ છતાં કોઇના દુરાચારો અને મલીન વિચારો થાય તો તેને લાગેલા કર્મનો ઉદય સમજવો. મોહનીય કર્મનું જોર વિશેષ હોય છે અને અધ્યાત્મજ્ઞાન બળ અલ્પ હોય છે તો મોહનીય કર્મના વશમાં મનુષ્ય ફસાઈ જાય છે. કેટલાક મોહનીય કર્મના ઉદયથી અધ્યાત્મજ્ઞાન વા નિશ્ચયને માન આપતા નથી અને અધ્યાત્મજ્ઞાન ઉપર તિરસ્કાર બતાવે છે તેવાઓ પણ અનાચારી, ભ્રષ્ટાચારી, ક્રોધી, નિન્દક, કલેશ કરનાર અને અશાન્તિ ફેલાવનારા જણાય છે તો તેમાં વ્યવહારનો દોષ નથી. વ્યવહારચારિત્રથી અનીતિ અને મન, વાણી અને કાયાના દોષોનો નાશ થાય છે તેમ છતાં કોઇ વ્યવહારચારિત્ર ક્રિયાને એકાન્તે માનનારમાં અનીતિનાં આચરણ દેખવામાં આવે છે તેમાં કંઇ ક્રિયાવ્યવહારનો દોષ ગણી શકાય નહિ પણ તે વ્યવહારચારિત્રધારકને પ્રમાદ જ દોષ રૂપે છે તેમ અધ્યાત્મજ્ઞાનિને પ્રમાદ થવાથી તે દોષી ગણી શકાય પણ તેમાં અધ્યાત્મજ્ઞાન વા નિશ્ચયજ્ઞાન ઉપર દોષનો આરોપ મૂકી શકાય નહિ-

કેટલાક કહે છે કે અધ્યાત્મ જ્ઞાનનો અભ્યાસ કરવાથી ક્રિયા ઉપર શ્રદ્ધા રહેતી નથી. આમ બોલનારાઓ અધ્યાત્મજ્ઞાન વા ક્રિયાનું સ્વરૂપ પણ સ્પષ્ટરીત્યા સમજી શક્યા નથી. ખરેખર અધ્યાત્મજ્ઞાન વિનાની ધર્મક્રિયાઓનાં રહસ્યો સ્પષ્ટ જાણી શકાતાં નથી. અધ્યાત્મજ્ઞાનવિના ધર્મની ક્રિયાઓ કરવાથી, વાણી અને કાયાના યોગની શુદ્ધિ કરવા કોઇપણ મનુષ્ય સમર્થ થતો નથી. અધ્યાત્મજ્ઞાનનું સ્વરૂપ જેઓ સમજે છે તેઓના હૃદયમાં શાન્તરસ પ્રગટવાની આશા રહે છે પણ જેઓ અધ્યાત્મજ્ઞાન ઉપર દ્વેષ કરીને તેનું ખંડન કરે છે તેઓના હૃદયમાં શાન્ત રસની ભાવના નહિ પ્રગટતાં નિન્દા, મારામારી, વિતંડાવાદ, અને કષાયની વૃત્તિ દેખવામાં આવે તો તેમાં કંઈ આશ્ચર્ય નથી.

જૈન દર્શનમાં જે જે મોટા મોટા વિદ્વાનો થયા છે તેમનાં પુસ્તકો વાંચીએ છીએ તો તેમાં અધ્યાત્મજ્ઞાનરસના ઉભરાઓ માલુમ પડે છે. કુંદ કુંદાચાર્ય કે જે દિગંબર-આચાર્ય કહેવાય છે તેમાં મધ્યસ્થ ગુણ પ્રાયઃ દેખાય છે તે પણ અધ્યાત્મ જ્ઞાનના પ્રતાપેજ સમજવો. હેમચંદ્રાચાર્ય અને દેવેન્દ્રસૂરિનાં હૃદય પણ અધ્યાત્મરંગથી રંગાયાં હતાં. પન્નવણા સૂત્રના

કર્તા શ્યામાચાર્ય અધ્યાત્મજ્ઞાનમાં રંગાયા હતા. પન્નવણાસૂત્રમાં દ્રવ્યાનુયોગની ઘણી વ્યાખ્યા આવે છે. દ્રવ્યાનુયોગને પણ અપેક્ષાએ અધ્યાત્મજ્ઞાન કહેવામાં આવે છે. દ્રવ્યાનુયોગના જ્ઞાનવિના અધ્યાત્મજ્ઞાનમાં ઉતરી શકાતું નથી. ભગવતી સૂત્રમાં પણ વિશેષ ભાગે દ્રવ્યાનુયોગની અને અધ્યાત્મજ્ઞાનની વ્યાખ્યા જોવામાં આવે છે. આત્માના સંબંધી જે જે કથવામાં આવ્યું હોય તે તે સર્વનો અધ્યાત્મજ્ઞાનમાં સમાવેશ થાય છે. આત્મામાં રહેલાં મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનનાં પ્રતિપાદન કરનાર પુસ્તકોનો પણ અધ્યાત્મશાસ્ત્રમાં સમાવેશ થાય છે. કર્મગ્રન્થ કમ્મપયડી વગેરે ગ્રન્થોથી પણ આત્માના સ્વરૂપનો અવબોધ થાય છે માટે તે તે ગ્રન્થોનો પણ અધ્યાત્મશાસ્ત્રમાં સમાવેશ કરી શકાય છે. સૂયડાંગસૂત્ર, સ્થાનાંગસૂત્ર–ઉત્તરાધ્યયન નંદીસૂત્ર, કલ્પસૂત્ર, અનુયોગદ્વાર, આચારાંગ–વગેરે પિસ્તાલીશ આગમોમાં જ્યાં ત્યાં અધ્યાત્મજ્ઞાન ઝળકી રહ્યું છે. શ્રી હરિભદ્રસૂરિકૃત યોગ દૃષ્ટિ સમુચ્ચય યોગબિન્દુ વગેરે ગ્રન્થોમાં અધ્યાત્મજ્ઞાનના ઉભરાઓ દેખાય છે. શ્રી ઉમાસ્વાતિ વાચકના તત્ત્વાર્થસૂત્ર–પ્રશમરતિ પ્રકરણ વગેરે ગ્રન્થોમાં અધ્યાત્મજ્ઞાન ભર્યું છે. જૈનશ્વેતાંબર શાસ્ત્રોમાં અધ્યાત્મજ્ઞાનનો રસ ઘણો ભર્યો છે. શ્રીમાન્ મુનિસુંદર સૂરિજીએ અધ્યાત્મ કલ્પદ્રુમસ્થાને અધ્યાત્મજ્ઞાનની અત્યન્ત આવશ્યકતા છે એમ સિદ્ધ કરી આપ્યું છે.

અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ આ કાલમાં થઇ શકે છે કે નહિ તે જોવાનું છે. કેટલાક બાલ જીવો કથે છે કે આ કાલમાં અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી. અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિતો બારમા અગર તેરમા ગુણ સ્થાનકમાં થાય છે. આ પ્રમાણે બાળ જીવો ઉત્સૂત્ર ભાષણ કરતા દેખાય છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી અધ્યાત્મસાર ગ્રન્થમાં કથે છે કે ચોથા ગુણ સ્થાનકથી અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે. જડ અને ચેતનનો ભેદ પડે એવા પ્રકારના જ્ઞાનને ભેદ જ્ઞાન કહે છે. ભેદજ્ઞાન કહો વા અધ્યાત્મજ્ઞાન કહો સારાંશ કે અધ્યાત્મજ્ઞાન વા ભેદ જ્ઞાન એકજ છે. ચોથા ગુણસ્થાનક કરતાં પાંચમા ગુણસ્થાનકમાં વિશેષ પ્રકારે અધ્યાત્મદૃષ્ટિ ખીલી શકે છે. પાંચમા ગુણસ્થાનક કરતાં છઠ્ઠા ગુણસ્થાનકમાં વિશેષતઃ અધ્યાત્મદૃષ્ટિ ખીલી શકે છે. છઠ્ઠા કરતાં સાતમામાં વિશેષ પ્રકારે અધ્યાત્મદૃષ્ટિ ખીલી શકે છે. મૈત્રી પ્રમોદ, મધ્યસ્થ અને કારૂણ્ય ભાવના તથા અનિત્યાદિ બાર ભાવનાનો પણ અધ્યાત્મજ્ઞાનમાં સમાવેશ થાય છે. મનોગુપ્તિનો અધ્યાત્મમાં સમાવેશ થાય છે. આકાલમાં મનોગુપ્તિની સાધના કશી છે અને મનોગુપ્તિની સાધના-

રૂપ અધ્યાત્મ ચારિત્ર આ કાલમાં અમુક હદનું છે તેનો જે અપલાપ કરે છે તે ઉત્સૂત્ર ભાષણ કરે છે. આ કાલમાં સાતમા ગુણસ્થાનક સુધી ગમન કરી શકાય છે. આત્માના અધ્યવસાયની શુદ્ધિ તેજ આન્તરિક અધ્યાત્મચારિત્ર કહેવાય છે. અધ્યાત્મજ્ઞાનનો અભ્યાસ કરીને અધ્યાત્મ ચારિત્ર પ્રાપ્ત કરવું જોઇએ.

નવતત્ત્વનો સાત નયથી અભ્યાસ કરવાથી અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. નવ તત્ત્વના જ્ઞાનને અધ્યાત્મજ્ઞાનજ કહેવામાં આવે છે. ઉપમિતિ ભવપ્રપંચ ગ્રન્થમાં અધ્યાત્મજ્ઞાનની ખુમારીજ અવલોકવામાં આવે છે. ઉપમિતિ ભવ પ્રપંચ બનાવનાર આ પંચમ કાળમાં થઇ ગયા છે. શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય " નિશ્ચયદૃષ્ટિ ચિત્તધરીજી પાલે જે વ્યવહાર " આ વચનથી અધ્યાત્મજ્ઞાનરૂપ નિશ્ચયદૃષ્ટિ ધારણ કરવાનું આ કાલના મનુષ્યો ને શિક્ષણ આપે છે તેથી આ કાળમાં ચોથા ગુણ સ્થાનકથી અધ્યાત્મજ્ઞાન-ની સાધના સાધી શકાય છે એમ નિશ્ચય થાય છે.

જૈનશ્વેતાંબર વર્ગમાં અધ્યાત્મજ્ઞાનને વિશેષતઃ પ્રકાશમાં લાવનાર શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય છે. **अध्यात्मोप निषत्. अध्यात्म मत परीक्षा** આદિ ગ્રન્થોના પ્રણેતાને આખી શ્વેતાંબર જૈન કોમ પૂજ્યબુદ્ધિથી જુએ છે. તેઓએ જેવી રીતે વ્યવહારક્રિયાની પુષ્ટિ કરી છે તેજ પ્રમાણે અધ્યાત્મ જ્ઞાનની પણ પુષ્ટિ કરી છે અને આ કાલમાં અધ્યાત્મ જ્ઞાનની ગુણસ્થાનકની અપેક્ષાએ પ્રાપ્તિ થઇ શકે છે એમ સ્વીકાર્યું છે એટલે હવે અધ્યાત્મ જ્ઞાનને નિશ્ચય મત કહો કેટલાક એકાન્તે વ્યવહારનયનેજ માને છે તેમને પણ અધ્યાત્મજ્ઞાન સ્વીકાર્યા વિના છૂટકો થવાનો નથી. એક વ્યવહાર નયનેજ માનતાં મિથ્યાત્વ લાગે છે તેમ એકાન્ત નિશ્ચય નયને માનતાં મિથ્યાત્વ લાગે છે. વ્યવહાર વાદીઓએ અધ્યાત્મજ્ઞાન વા નિશ્ચય નયની વ્યાખ્યા સાંભળતાં ભડકવું ન જોઇએ. વ્યવહાર અને નિશ્ચય નય માન્યાવિના સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાની નથી. અધ્યાત્મ શાસ્ત્રો પોતાનું કાર્ય બજાવે છે. ક્રિયાની શૈલી જણાવનાર આચારાંગાદિ શાસ્ત્રોની જેટલી આવશ્યકતા છે તેટલીજ આવશ્યકતાને સિદ્ધ કરનાર અધ્યાત્મ શાસ્ત્રો છે. જ્ઞાનવિના ક્રિયાની સિદ્ધિ થતી નથી. પ્રથમ જ્ઞાન અને પશ્ચાત્ ક્રિયા કરવી જોઇએ. આમ કહેવામાં ગંભીર રહસ્ય છે. ક્રિયાઓનાં રહસ્ય સમજ્યાવિના ક્રિયાઓમાં મનુષ્યોને રસ પડતો નથી અને તેમજ ક્રિયાઓને સમ્યગ્ પણે આચરી પણ શકાતી નથી તેથી ક્રિયા-ઓનું જ્ઞાન પ્રથમ કરવામાં આવે છે તો જ ધર્મની ક્રિયાઓમાં

સરસતા અનુભવાય છે. ઇત્યાદિ અનેક હેતુઓથી જ્ઞાનને પ્રથમ નંબરે મૂકવામાં આવ્યું છે. આત્માને ઉદ્દેશીને અર્થાત્ આત્માની શુદ્ધિ માટે દરેક ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે તેથી પ્રથમ આત્માને જાણવો જોઇએ. જે આત્માને ઉદ્દેશી ધર્મક્રિયાઓ કરવામાં આવે છે તે આત્માનું સ્વરૂપ સમજવામાં નહિ આવે તો વરવિનાની જાનની પેઠે ક્રિયાઓનું ફળ બરાબર બેસી શકે નહિ અને કોને માટે કોણ કેવાકારણથી ક્રિયા કરે છે ઇત્યાદિ સમજવામાં નહિ આવે તો તદ્દેતુ અમૃત ક્રિયાની પ્રાપ્તિ થઇ શકે નહિ માટે પ્રથમ આત્માના સ્વરૂપને જાણવા માટે અધ્યાત્મ જ્ઞાનધારક શાસ્ત્રોની અને આત્મજ્ઞાનની અનંત ગણી આવશ્યકતા સિદ્ધ ઠરે છે. આ સંબંધીમાં શાસ્ત્ર પ્રમાણ યુક્તિથી વિચાર કરવામાં આવે છે.

---

# भवांतक भावनाओ. (अ.)

## ( સંસ્કૃત ઉપરથી. )

### ( अनुवादक–सं–केसवलाल नागजी. निवास–सानन्द. )

૧

#### અનિત્ય ભાવના.

અનિત્યત્વરૂપ રાક્ષસ વજ્રના જેવા કઠણ હાથીઓનો પણ ગ્રાસ કરી જાય છે, તો પછી કેળના ગર્ભ જેવા નિઃસાર અન્નવડે દેહ ધારણ કરનારાઓનો ગ્રાસ કરી જાય તેમાં આશ્ચર્ય શું ? અહો ! પણ શું કરવું ? બીલાડો દૂધને હર્ષથી સ્વાદપૂર્વક ચાટે છે પણ માથે મારવાને માટે ઉંચકાયેલી લાકડીને જોતો નથી, તેમ માણસ વિષયસુખને આસક્તિ પૂર્વક ભોગવે છે પણ માથા ઉપર ભમતા યમને જોતો નથી. જુઓ ! પ્રાણીઓનું શરીર પર્વત ઉપરથી પડતી નદીના જલસમૂહ જેમ બધી બાજુઓએ વેગથી સરી જાય છે તેમ સમગ્ર અવયવો તરફથી જલ્દી સાથે ક્ષીણ થવા મંડી પડે છે, જીવન, વાયુવડે કંપી રહેલી ધ્વજાનું વસ્ત્ર થોડા સરખા જોડાણથી છુટું થવા પર્યંતજ ટકી રહે છે, તેવું છે, લાવણ્ય, સ્ત્રીજનના નેત્રના અંચલ–પ્રાંત ભાગના જેવું, ચંચલ છે, યૌવન, મસ્ત હાથીના કાનના ફરવાથી થતા

આરફાલનના જેવું, ચપલ છે, સ્વામીપણું, સ્વમાવળી જેવું છે, લક્ષ્મીઓ, વીજળી-ના જેવી, ચળ છે, ચહેરાને પ્રતિકૂળ-વિરૂપ થતાં કાંઇ પણ વાર લાગતી નથી; એક તરફથી, પ્રાણથી પણ પ્રિયપુત્ર વિગેરે નાશ પામતાં-પીડિત થતાં હોય છે, તોપણ કાંઇ વિચાર થતો નથી અને બીજી તરફ હમેશાં, સર્વ પદાર્થો જાણે કોઇ દીવસ નાશ થવાનાજ નથી એવી રીતે વર્તે છે અને તેથી સર્વ વસ્તુઓમાં ધારણ કરાયેલી નિત્યતાની બુદ્ધિરૂપ ગ્રહથી ત્રાસ પામેલો મૂઢપુરૂષ, જૂનાં ઘાસની છાપરી-ઝુંપડી કદી નાશ પામે તો તેટલા માત્રથી પણ, રોવા મંડી પડે છે. આ ઉપરથી તૃષ્ણાનો નાશ કરનારી અને નિર્મમત્વને પોષણ આપનારી અનિત્યત્વની ભાવનાને, ઉપર કહી ગયા તેવી રીતે, શુદ્ધ બુદ્ધિવાળાએ હમેશાં ઉપયોગપૂર્વક ભાવવી જોઇએ.

૨

## અશરણ ભાવના.

આસપાસ પિતા-માતા-ભાઇ-પુત્ર-સ્ત્રી આદિ પરીવાર વીંટળાઈ વળ્યો હોય છતાં પણ, કર્મ-ખંજનો પ્રાણીઓને પુષ્કળ આધિ-વ્યાધિના સમુદાયથી જકડી લે છે અને પછી તેઓ, રટન કરતાં કરતાં યમના મુખરૂપી-ઘરમાં, હડસેલી મૂકાય છે; પણ અરેરે ! દુઃખતો એ થાય છે કે આવી રીતે આખી દુનિયા શરણ વિનાની છે તોપણ, તે કાંઇપણ તેનો ઉપાય કર્યા વિના નિરાંતે, કેમ બેસી રહે છે ? જૂદી જૂદી જાતનાં અનેક શાસ્ત્રોને જાણનારા ઘણાએ પડ્યા છે, મંત્ર-તંત્રની ક્રિયાઓમાં પ્રવીણતા દેખાડનારાઓ પણ ઘણા હોય છે, જ્યોતિશાસ્ત્રમાં કુશળતા ધરનારાઓ ઘણા હોય છે પણ તેઓમાંથી કોઇપણ પ્રગલ્ભતા ધરીને, આખા ત્રૈલોકયનો નાશ કરવાને રોકાઇ ગએલા આ યમરાજનો પ્રતિકાર કરવાને, તૈયાર થતા નથી.

હબકી જવાય એવાં વિવિધ પ્રકારનાં શસ્ત્રોને ધારણ કરનારા મહાન્ યોદ્ધાઓવડે અને ઉદ્દામ ગતિવાળા સેંકડો મદાંધ હાથીઓ વડે, વીંટળાઇ ગએલા અગમ્ય શત્રુઓ કોઇને કવચિત્ કયાં નથી હોતા ? પણ આ યમ કિંકરો તો ઇંદ્ર-કુબેર-ચક્રવર્તીને પણ એકદમ બલાત્કારે યમના ગૃહમાં ખેંચી જાય છે. અહો ! પ્રાણીઓની નિસ્ત્રાણતા-અશરણતા તો જુઓ ! અરે ! આત્માને લેશ માત્ર પણ કલેશિત કર્યા વિના, ઉંચા દંડના જેવા સુરગિરિ-મેરૂપર્વતને નમાવેલા-ઉંધા કરેલા દંડના જેવો અને પૃથ્વીના પડને વિસ્તૃત છત્રાકારે, કરવાને માટે જે શકિતમાન્ છે તે અસાધારણ બલથી સ્પષ્ટરીતે તીર્થંકરો પણ, સમગ્ર જનસમુદાયને ભક્ષણ કરનાર કૃતાંત-યમને દૂર

કરવાને માટે સમર્થ નથી માટેજ સ્ત્રી–મિત્ર–પુત્ર આદિના સ્નેહરૂપી ગ્રહ-ને નિવૃત્ત કરવાને માટે પ્રત્યેક મેધાવીઓએ હૃદયમાં અશરણત્વની ભાવનાને જાગૃત રાખવી જોઇએ.

## ૩
## સંસાર ભાવના.

આ સંસારરૂપી નાટકને વિષે સંસારમાં રહેલા પ્રાણીઓ, પછી તે, બુદ્ધિમાન્ હોય કે મૂર્ખ હોય, શ્રીમંત હોય કે ભીખારી હોય, સુખી હોય કે દુઃખી હોય, સારા શરીરવાળો હોય કે ખોડખાંપણવાળા ખરાબ શરીરવાળો હોય, સ્વામી હોય કે સેવક હોય પ્રિય હોય કે ખરેખર અપ્રિયજ હોય, રાજા હોય પ્રજાજન હોય, દેવતા, ઢોર, માણસ કે નરકમાં રહેનારો જીવ હોય સર્વ કોઇ, એમ બહુ પ્રકારે નાચે છે.

તેમાં પ્રથમ તો નારકીના જીવોની વલે કેવી હોય છે. અનેક પાપ-વાળાં મહારંભ આદિ કારણોવડે પાપ બાંધીને, અત્યંત ગાઢ અંધકારના મિશ્રણથી નષ્ટ, અદૃશ્ય થઇ ગએલા માર્ગવાળી નરક ભૂમિઓમાં જઇને, ત્યાં જીવ અંગને છેદવાથી, ભેદવાથી, મારવાથી જે અત્યંત દુઃખ અને કલેશ પામે છે તેને કહી બતાવવાને માટે બ્રમ્હાપણ કુટિલ–અણુ કલા ગત મુખ-વાળો થઇ જાય; તે ઉપરથી એમ નહિ સમજવું કે ઢોરને કંઇપણ દુઃખ નાહ હોય, અથવા હશે તો સુકથ્ય,મમિત હશે. કપટ, આર્તધ્યાનાદિ બહુ પ્રકારનાં કારણોવડે તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે. અને તેમાં સિંહ, વાઘ, હાથી, હરણ, બળદ, બકરો આદિ પશુઓની આકૃતિ પ્રાપ્ત કરીને ત્યાં ભૂખ, તરસ, વધ, બંધન, તાડન, રોગ, ( પીડા ) ભારવહન ઇત્યાદિથી જીવને જે દુઃખ પ્રાપ્ત થાય છે તે કહી શકવાને માટે શક્યજ નથી.

હવે માણસોની તપાસ લઇએ. ભક્ષ્યાભક્ષ્ય આહારનો મનમાં કંઇપણ વિચાર નહિ કરનારા, નિર્લજ્જ પણે ચુંબન, આલિંગનાદિ વ્યવહાર કરનારા સેવ્ય અને અસેવ્ય કર્મોમાં બુદ્ધિને કુંઠિત કરનારા અને નિર્દયતા ઉપર પ્યાર ધરનારા અનાર્ય કુલમાં ઉત્પન્ન થએલા માણસો નિરંતર મહારંભાદિ કાર્યો વડે દુઃસહ કલેશને ભોગવે છે અને મહાદુઃખદાય કર્મને એકઠું કરે છે. અરે ! ક્ષત્રિય, બ્રાહ્મણ પ્રમુખ આર્ય દેશમાં ઉદ્ભવેલા માણસો પણ અજ્ઞાન, દરિદ્રતા; વ્યસન, દુર્ભાગ્ય, રોગ આદિ વડે તથા બીજાએ કરેલી માન હાનિ, અવજ્ઞા આદિવડે, જે દુઃખ સહન કરે છે તે, કલ્પોવડે કરીને પણ કહી શકવાને માટે અશક્ય છે.

કેળના ગર્ભ જેવો સુખી અને તરૂણતાવડે મલ વિનાના પુરૂષના શરીરમાં, મોરની કલગીના જેવા રંગવાળી લોઢાની સોયો, પ્રત્યેક રોમમાં એટલે લગભગ સાડાત્રણ કરોડ જેટલી એકી સાથે, ઘણી સખ્ત રીતે ભોંકી દેવામાં આવે અને તેને જે દુઃખ થાય તેથી આઠગણું દુઃખ સ્ત્રીની કૂખમાં—ગર્ભમાં પ્રાપ્ત થાય છે અને તેનાથી પણ અનંત ગણું દુઃખ પ્રાણીઓને જન્મતી વખતે સહન કરવું પડે છે, જન્મ થયા પછી પણ એવી એક પણ દશા નથી કે જેને વિષે માણસ સુખને પામી શકે. બાલ્યાવસ્થા મૂત્ર પુરીષ ( વિષ્ટા ) ધૂળ વિગેરેમાં આળોટવામાં અને અજ્ઞાનથી કુત્સિતાચરણોમાં વિચરવામાં વ્યતીત થાય છે. તરૂણાવસ્થામાં ધન પેદા કરવાની અને ઈષ્ટ વિરહ, અનિષ્ટ પ્રાપ્તિ આદિ વ્યથાઓ સામે ખડી રહેલી હોય છે અને વૃદ્ધાવસ્થામાં શરીર ધ્રુજવું, આંખોનું તેજ કમી થવું, શ્વાસ ચડવો ઇત્યાદિ ચોતરફની વ્યક્તિઓના તુચ્છકારો વરસી રહ્યા હોય છે. મનુષ્યત્વને છોડીને સમ્યગ્દર્શન વિગેરેના પરિપાલનથી દેવત્વ પ્રાપ્ત થયું હોય તેનું નિરીક્ષણ કરીએ તો તે સ્થલે પણ શોક, વિષાદ, મત્સર, સંતાપ, પોતાની સ્વલ્પ ઋદ્ધિ, બીજાની વધારે ઋદ્ધિ દેખીને તેથી થતી ઇર્ષ્યા, કામ, મદ, ક્ષુધા ઇત્યાદિ, વિકારો વડે અત્યંત પીડાથી ખેદ પામીને જીવો પોતાનું લાંબું આયુષ્ય દીન અંતઃકરણથી ફક્ત કલેશ વડેજ વ્યતિક્રમે છે. આવા રીતે અને આથીજ, શિવફલને ધારણ કરવાને માટે સમર્થ ભવ, વૈરાગ્ય રૂપ વલ્લી ઉપર સુબુદ્ધિ મંતોએ નિરંતર સંસાર ભાવનાની અમૃતવૃષ્ટિ કર્યા કરવી.

---

# आनंदी थाओ.

( લેખક. મણીલાલ મોહનલાલ. વકીલ. પાદરાકર. )

જીવિત સુખ માટે છે, અથવા સુખ જીવિત માટે છે, આ બે પ્રચલીત મત્ત પૈકી કોઇ પણ મત આપણને માન્ય હોય, તો પણ એ વાર્તા તો સર્વ માન્યજ છે કે, જે માણસ " આનંદી થાઓ " એ આદર્શ વાક્યને પોતાનું જીવન સુત્ર બનાવે છે. સાક્ષાત્કાર કરે છે, તે માણસને જ ખરો " આનંદ, "મળે છે અને તેનુજ જીવન સુખમય ઉન્નત થાય છે.

નિર્દોષ, નિર્વિકારી " આનંદ " ! તેનો આસ્વાદ ! ખરે ! જગતના સ્વાદીષ્ટમાં સ્વાદીષ્ટ પદાર્થો કરતાં વધુ મીઠ, રમ્ય હોય છે પણ થોડાજ તે અનુભવી શકે છે.

જગતનાં પ્રત્યેક હૃદયો જ્યારે અંધકારમય હોય છે, ત્યારે "આનંદી" મનુષ્યનું હૃદય હમેશાં અદ્વીતીય, પ્રકાશ આપે છે અને પોતાનું સર્વસ્વ નષ્ટ થઇ જાય તો પણ તે પોતાની પાસેના " આનંદ"નું સત્ય સુખ સર્વને આપી શકે છે.

કોઇ પણ ફેરફાર, કે સારા નરસા પ્રસંગે પ્રત્યેક મનુષ્યે એક વાતો હમેશાં લક્ષમાં રાખવી અને તે " આનંદી થવું " એજ છે. તુમે કોઇ પણ ઠેકાણે હો, કોઇ પણ સ્થીતીમાં હો, પણ જગતના સર્વ પ્રકાશમાં તુમે તમારા " આનંદનો " પ્રકાશ રેડવાનું કદી ભુલશો ના ! જગતમાં ગમે તેવી સ્થીતીમાં પણ તમે, ચારે બાજુ " આનંદનો " પ્રકાશ પાડનાર સુર્ય કીરણ થાઓ, સુર્યોદય થતાંજ જગતમાં કેવો વિલક્ષણ " આનંદ, આનંદ " પ્રસરી રહે છે ! કેટલાં જીવન પ્રફુલ્લ થાય છે ? પક્ષીઓનો કલરવ, અને સુગંધી પુષ્પોનો પમરાટ, કેવો નૈસર્ગિક પ્રેમ, પ્રસરાવે છે, તે તો તુમે હમેશ અનુભવોછોજ, પરંતુ એકાદ મનુષ્યના હૃદયમાં જ્યારે " આનંદનો " ઉદય થાય છે ત્યારે તેને, તેના બંધુ ભગીનીને, અને બીજા આપ્ત વર્ગને કેટલું બધું સુખ થાય છે તેની કલ્પના વાંચક તુમેજ કરો !

પ્રત્યેક અંતઃકરણમાં " આનંદ " એ નામનું સુર્ય કીરણ હોય છે. ' આનંદી ' મનુષ્યનો મોહક સ્મીત ભર્યો પ્રકાશીત ચહેરો જોવાથી તેની પાસે આવનાર પ્રત્યેક મનુષ્યને સુખ, અને આનંદ ઉપજે છે; સુર્ય પ્રમાણે પ્રકાશીત ચહેરા એવો વિલક્ષણ ખેંચાણ કારક હોય છે કે તે કદી વીસરી શકાતો જ નથી, આપણા જીવનની ભીન્ન ભીન્ન સ્થીતીમાં, અને નુતન પ્રસંગોમાં, અડચણોના ખાડામાં અને સંકટોની ટેકરીઓ ઉપર, કે આફતોના પર્વત ઉપર " આનંદ " નું કીરણ, આનંદી ચહેરાનું સ્મરણ આપણુને કોઇ અપુર્વ સામર્થ્યને ઉત્સાહ આપે છે. કદી ભુલશો નહીં કે આ જગતમાં આપણું જીવન બીજાને દુખ દેવા સારૂં નહીં પણ, સર્વને સુખ, " આનંદ " આપવા માટેજ છે. બીજાઓનાં જીવન સરમાં તુમારા "આનંદ"નો ઓઘ ભેળી દઇ સર્વત્ર " આનંદ, " પ્રસરાવવો એકાદ દુઃખના કાળા અંધકારમય ઢગલા નીચે આપણા આત્માને ઢાંકી દેવા માટે

આપણું જીવન નથી પણ જગતના વિશાળ પડ ઉપર પુર્ણ સૌંદર્ય અને દિવ્ય કાંતિમય, પુર્ણાનંદમય પ્રકાશ પ્રસરાવવામાં જ આપણા જીવનની કર્તવ્યતા સમાયલી છે. યાદ રાખશે કે, મનુષ્યજીવન એક એવું અપુર્વ ગાન ગાવા માટે છે કે, જેની દીવ્ય લહુરીમાં, " આનંદી થાઓ " એવોજ રમ્ય ધ્વની સતત નીકળ્યાં કરે છે.

એકાદ વખત તહમારાથી કંઇ ભુલ થઇ ગઇ કે તુરત તે યાદ કરી કરી દીલગિર ને રડમસ થઇ જવા કરતાં તે ભુલ પુનઃ ન થાય એવો મનમાં સંકલ્પ કરો. કોઇ મોટું સંકટ, કે આફત આવી પડતાં એકદમ ગભરાઇ જઇ, નરમ ઘેંશ થઇ જઇ, નમાલા, કાંગલ બની જશો નહીં, પણ તેના સામે હિંમતથી ઉભા રહી, મહા સમર્થ વિરો, આપણા પુર્વજોની દિવ્ય કિર્તી સ્મરો, જુઓ કે તે સંકટ તમારાથી કેટલું દૂર ઉભું રહે છે અને ફક્ત "આનંદીજ" થવામાં તહમને કેટલો ઉત્સાહને બલ પ્રાપ્ત થાય છે તેની તુલના કરો તોજ આનંદની ખરી કીંમત તહમને સહમજાશે. જેમ સુર્ય પ્રકાશ, કાલી, શીત અને ખડબચડી પૃથ્વીમાંથીજ સુંદર સુંદર પુષ્પો ઉત્પન્ન કરે છે તેમ જીવનનાં મોટાં મોટાં સંકટો અને દુઃખોના ઢગલામાંથી આત્માને "આનંદ" નામનો દૈવીદુત સુખ, સમાધીને શાંતિમાં લાવી મુકે છે.

મનુષ્ય, પ્રેમના મધુર હાસ્યથીજ વીરોધ અને શત્રુઓ પર જીત મેળવી શકે છે અને દુઃખો મનુષ્યના અંતઃકરણમાં મૈત્રી અને પ્રેમનો ઉદય કરી શકે છે, શત્રુને મીત્ર કરી શકે છે અને પરમાત્માને સંતુષ્ટ કરી શકે છે. અરે ! જ્યારે આનંદી થવામાં આટલું બધું સુખ રહેલું છે તો પછી આપણે દુઃખી શા માટે થવું જોઇએ ! એક ક્ષણના મધુર, આનંદ ભર્યાં, હાસ્ય ભર દ્રષ્ટિ પાતથીજ માણુસ ભવિતવ્યતાની દશા બદલાયલી જુવે છે, ત્યારે આપણે એક ક્ષણ પણ દુખી શા માટે રહેવું ? આનંદ ! દૈવી શક્તી ! તું ખરેખર, અલૌકીક, ચમત્કારીક, અમોઘ છે પણ વિરલ છે.

જીવીત અતિશય કષ્ટમય છે, અને સુખમેળવવા માટે પ્રત્યેક મનુષ્યને પુષ્કળ કઠીણ પ્રસંગોની ખીણો વચ્ચેથી પસાર થવું પડે છે પરંતુ "આનંદી" હૃદયને કઠીણ પ્રસંગ કે દુઃખ એની કલ્પના સુદ્ધાંત હોતી નથી. એ વાત હમેશાં યાદ રાખશો. સુર્ય કીરણ અંધકાર સામે જઇ હાસ્ય કરે છે અને વાદળીના કાળામેશ જેવા અંધકારમાંથી જ એક અતિશય પ્રકાશવાળું ઇન્દ્ર ધનુષ્ય ઉત્પન્ન કરે છે. ફક્ત આનંદી થાઓ ! ગમે તેવા નિરાશા ભર્યાં કે

વિકટ પ્રસંગો ના વાદળામાં આનંદાશ્રુ આશાનું ઇન્દ્ર ધનુષ્ય ઉત્પન્ન કરશે, ને આશાઓનેજ બીજા આનંદ દાયક દીવસે તમે નવપલ્વિત જોશો ને તેજ વખતે તમને પ્રબળ પુણ્યશાળી વિર, અને સદાય આનંદમાં મસ્ત રહેનાર, શ્રાવીકા કુંતિ પુત્ર ગદાધારી ભડ ભીમસેનનું આદર્શ વાક્ય "**इदमृडपि गमीष्यति**, Even thisw ill go આપણ જશે," તે તમને સાક્ષાત્કાર થશે.

" આટલા બધા કઠીણ પ્રસંગો વચ્ચે આપણે પસાર થવાનું છે, ત્યારે તો સુખ આપણાથી ઘણુંજ દુર હોવું જોઇએ " એવી નમાલી કલ્પના કદીપણ કરશો નહીં. જેટલા વધારે કઠીણ પ્રસંગો વચ્ચે તમારે પસાર થવાનું છે, તેટલાજ વધારે " આનંદી " રહેવાની તમારે ખાસ આવશ્યકતા છે. સંકટ વખતે આનંદી મુખડાં કદીપણ પશ્ચાત પડતાજ નથી. ઉલટા તેને તો કસોટીવાળા કઠીણ પ્રસંગો પ્રસાર કરવા વધુ ઉત્સાહ ને શક્તિ પ્રાપ્ત થાય છે. આનંદથી પ્રકાશમાન મનનેજ આપણું ધ્યેય સાધ્ય કરવા કયાં જવું, શું કરવું ઇત્યાદિ સર્વ બાબતો સમજાય છે ને તેની સર્વ કાળજી તેજ કરે છે. નીરાશાની ખીણની પેલી પાર પડેલા આપણા મનોરથને સીદ્ધ કરવા આનંદના કીરણ પર સ્વાર થઇ તેજ તે ભયંકર ખીણને ફાડી ચીરી, ત્યાં પહોંચી જશે, ને મનોરથ સિદ્ધ કરશે.

" સુંદર દેખાવું " એ ઇચ્છા સ્વભાવતઃ જ પ્રત્યેક મનુષ્યને હોય છે. પણ ફક્ત આનંદી થવું એજ સુંદર દેખાવાનું પરમ રહસ્યવાળું, ઉત્તમ સાધન છે એ બહુ થોડાનેજ ખબર છે. અને જેને તે ખબર છે તે નકલી ટાપટીપ સીવાય જ સુંદર દેખાય છે. મોઢું ધોઇ,લુછી વાલ હોળી, તેલ નાંખી, સેંટ,લવેંડર ચોળી, દાગીના ઘાલી, બહુ મુલ્યવાન વસ્ત્ર સજી સુંદર દેખાવાની સર્વ તૈયારી કરી, પણ ચહેરોજ ફક્ત રડમસ, દુખી, ઉદાસી રાખો. પછી જુવો કે આનંદી ચહેરો સુંદર ! કે ખાલી ટાપટીપ સુંદર ? દુખી સ્થીતી ને આનંદી સ્થીતી એ જાતની તસ્વીરો ખેંચાવો ! ને પછી કઇ તસ્વીર હમેશ પોતાની પાસે રાખવી વધુ યોગ્ય છે તેનો તગેજ તોલ કરી લેજો. " હું સુંદર દેખાઉં છું કે નહી એ હમેશાં આયનામાં જોવા કરતાં " હું આનંદી દેખાઉં છું કે નહી " તે આયનામાં જોતા જાવ. ફક્ત આનંદી થવું, તેજ સુંદર દેખાવાનું પરમ રહસ્ય છે. દુખી અને સુંદર ચહેરો બંને એક ઠેકાણે તમે કદી જોયો છે કે ? દુખી થયા બરોબરજ સૌંદર્ય સવાસો ગાઉ દુર ચાલ્યુ જાય છે. બીન ખર્ચે અને બીલકુલ થોડા ત્રાસમાં સુંદર દેખા-

વાની ઇચ્છા હોય તો ફક્ત આનંદી થાઓ અને હમેશાં આનંદ કાયમ રાખો એટલે દાગીના ને મુલ્યવાન વસ્ત્રો સીવાય તમો સુંદર દેખાશો. યાદ રાખશો કે અઢળક લક્ષ્મી કે વિપુલ સત્તા, મોટી મોટી ડીગ્રીઓ કે જાડું ભુંડ જેવું શરીર–આથી કદી પણ માણસ ઇચ્છીત સુખ મેળવી શકતો નથી. ફક્ત જો દરેક સાથે " આનંદી થાઓ " નું આદર્શ વાક્ય ગુથેલું હશે તોજ સુખી સુંદર કે જે ધારો તે થવાશે. આનંદી થવું એજ સૌંદર્યનો મુખ્ય દાગીનો છે.

આનંદ એ પ્રેમનો દાસ છે. મિત્રતાનું રજ્જુ છે. સગાઇનું સીલ છે અને પરમાત્માના ચરણકમળનો ભ્રમર છે. આનંદ સીવાય કદી પણ દૈવી રસપૂર્ણ પ્રેમ અનુભવી શકાતોજ નથી. પતી–પત્ની વચ્ચે પીતા–પૂત્ર વચ્ચે મા–દીકરી વચ્ચે, બે મિત્રો વચ્ચે કે સગા—સંબંધી વચ્ચે, આનંદ સીવાય કદી સત્ય પ્રેમ સંભવતોજ નથી. એક આનંદી મનુષ્યની પુઠે તમો સાંભળશો કે " આ માણસ બહુ સારો આનંદી હસમુખો છે. "—જ્યારે ચીડાયલા સ્વભાવનો—ચીડીયા મનુષ્ય પુઠેજ તમો સંભળશો કે " જોયું કે એનું ચહેરું તોબરા જેવું મોઢું ? " અને ગમે તેવા ધનવાન પણ ઉદાસીન ચહેરા વાળા માટે જગતની " ગરીબ બીચારા " ની ઉપાધી તૈયારજ હોય છે તે કદી ભુલશો ના.

ફક્ત આનંદી થાઓ—એટલે તમે તમારી જીંદગીનું અરધું દુખ ઓછું થયેલું જોશો. હમેશાં કઠણ લાગતાં કામો સહેલાં થઇ પડશે. આનંદી મુખડું ગમે તેવા કઠણ પ્રસંગે–ગમે તેવું કઠણ કોકડું ઉકેલવા–ગમે તેવી આફત દુર કરવા–કે નીરાશા રૂપી અંધકાર ખસેડી મુકવા સદા તત્પર–ઉત્સાહી હોય છે. ઉદાસીનતાથી–અસંતોષથી મનુષ્ય કદી પણ કર્તવ્યશીલ–અને આત્મા સામર્થ્યવાન થઇ શકતો નથી પણ સંકટને લાત મારવામાં, આફતને હસતાં હસતાં આઘી ફેંકી દેવામાં–નીરાશાને નહી જેવી કરી દેવામાં–આત્મ સામર્થ્યને પુરૂષાર્થ લેખી શકાય. વૈદ્યકીય નીયમાનુસાર પણ આનંદ–એ તંદુરસ્તીપર ઘણીજ સરસ છાપ પાડે છે.

હવે આપણે આનંદ મંદીરના બીજા, પગથીએ ચઢીએ–આત્માનંદનું ભાન થાય છે ત્યારે તો સોનું ને સુગંધ જેવું થાય છે.

( ચાલુ )

---

# ક્રોધ.

## ( લેખક. મણીલાલ મોહનલાલ વકીલ પાદરાકર. )

કડવાં ફળ છે ક્રોધનાં,

જ્ઞાની એમ બોલે.

શ્રી કેવળી ભગવાનના કહેલાં વર્જવા યોગ્ય અઢાર પાપસ્થાનકમાંનું છઠ્ઠું પાપ સ્થાનક, શમતારૂપ સમુદ્રને ડોહોળી નાંખનાર રાક્ષસરાજ, સંયમ તથા મોક્ષની અર્ગળા, મત્સરનો મોટો ભાઇ, અને શાંતિ પિયુષરસના પવિત્ર પાત્રને અભડાવનાર કાળા કુતરા સમાન ક્રોધ ! સંપૂર્ણ જ્ઞાની શીવાય ત્હારો ભોગ કોણ નથી થઇ પડયું ? ત્હારી મૈત્રી કરી કયારે પણ કોણે લ્હાણુ કાઢયું ?

ક્રોધ એક જાતનો અતિ વિષમ જ્વર છે ને તેની પાળી આવી કે તે મનુષ્ય અંતઃકરણને પ્રથમના કરતાં અધીકતર અશક્ત કર્યા સીવાય કદી જતોજ નથી. તે પોતાના આગમનની સાથેજ પોતાના સાથી " ઘેલછા " ને લેતોજ આવે છે ને તે ઘેલછામાં અનેક જ્ઞાનીઓ પદ્દચ્યુત થયા છે. અનેક વ્યાપારીઓ વ્યાપારથી, અનેક અમલદારો અમલથી, અનેક મીત્રો મીત્રતાથી, અને સગાંઓ સગાઇથી અને અનેક રાજાઓ રાજ્યથી પણ પદભ્રષ્ટ થયા જગજાહેર છે તેથી જેને તે ઘેલછાથી દૂર રહેવું હોય તેણે તે ચંડાળ ક્રોધને પોતાના હ્રદયમાં કદિપણ પેસવા દેવો નહી.

ક્રોધ આવવા લાગ્યો કે આપણે ક્રોધાધીન થવા લાગ્યા એ સ્હમજવું એ શાંતિ સંપાદન કરવાનું પ્રથમ પગથીઉ સ્હમજવું કારણ બીલકુલ ક્રોધ આવવા ન દેવો એ સ્હેલ છે પણ તે આવ્યા પછી તેના સ્વાધીન ન થવું એજ મુશ્કેલ છે.

ક્રોધ અને મત્સર એ આયુષ્યની હાની કરનાર છૂપા દૂસ્મનો સ્હમજવા. ક્રોધના પરિણામે થનારી ચીંતાથી મનુષ્ય યુવાવસ્થામાંજ વૃદ્ધ દેખાય છે. જ્ઞાની છતાં અજ્ઞાની ગણાય છે ને મેવા મીઠાઇ જમવા છતાં નીસ નીસ તવાય છે. ક્રોધી પુરૂષનાં સ્ત્રીપુત્ર તથા આપ્તજનો તેને ખરા પ્રેમથી ચાહી શકતાં નથી તથા તેના લાભાલાભની વાર્તા પણ ક્રોધના ભોગ થઇ પડવાની બીકે ક્રોધી મનુષ્યને જણાવી શકતાં નથી. તેમજ ક્રોધી સ્ત્રીનો પતિ પણ બિચારો કદી સુખી થતો નથી ને હમેશાં અનંતા પાપનાં ખાતાં સંકલ્પ વિકલ્પ કરી બાંધે છે,

ક્રોધ, મનુષ્યના મનુષ્યત્વનો મોટો શત્રુ છે. બીજા શત્રુઓ સાથે લ્હડતાં બીજા ઇષ્ટ મિત્રોની મદદ કામ લાગે છે પણ આ શત્રુ સાથે તો મનુષ્યને એકલાનેજ લ્હડવાની ફરજ પડે છે. ને તેમાં જય મેળવે તો અનંતુ સુખ પણ એકલોજ પામે છે. વાસ્તવીક રીત્યા—ગમે તેવા બલવાન છતાં પણ ક્રોધને જીતે તેજ ખરો શુર ગણાય છે. ગમે તેવા જ્ઞાની હોવાનો દાવો કરનાર, ગમે તેવા તત્ત્વ વેત્તાનો ડોળ રાખનાર, ગમે તેવા શાંત હોવાનો આડંબર કરનાર પછી ગમે તો તે જૈન હોય—કે જૈનેતર હોય પણ ક્રોધપર જીત મેળવનાર વિરલા—વિરલા—ને વિરલાજ કારણ જેમ ચાંડાળના પ્રવેશથી ગમે તેવી પવિત્ર જગ્યા પણ અપવિત્ર થાય છે તેમ ગમે તેવા તત્વ જ્ઞાનની સુગંધ, ગમે તેવી શાંતીની લ્હેર કે ગમે તેવા આત્મ જ્ઞાનની પવિત્રતાથી વિભુષીત થયેલું હૃદય પણ ક્રોધ ચંડાળના આગમનથી અપવિત્ર બની જાય છે. ને બધી જાતની પવિત્રતા—શાંતી પલાયન કરી જાય છે. " પગમાં ખીર રંધાય " કે " કાનમાં ખીલા ઠોકાય તો પણ અપૂર્વ શાંતી—ક્ષમા—ને સામ્યતા રાખનાર તો " મહાવિરસ્વામી જેવા વિરલાજ " કે જેમનું મેરૂ પર્વતને ડગમગાવી નાંખનારૂ અતુલ બળ વિદ્યમાન છતાં પણ ક્રોધને ફાવવા દીધોજ નહીં.

પૂર્વે પોતાની અપૂર્વ શાંતિના માટે પ્રસિદ્ધ થયેલા મહાત્માની પાસે એક યુવક ગયો ને તેમને પૂછ્યું મહારાજ ! આપનું નામ શું ? તે મહાત્મા બોલ્યા બચ્ચા ! " શાંતિદાસ " યુવકે પૂનઃ તેજ સવાલ પુછ્યો. મહારાજ બોલ્યા બચ્ચા ! શાંતિદાસ. પૂનઃ ત્રીજીવાર યુવકે તેજ સવાલ પુછ્યો મહારાજ ગુસ્સે થઇ બોલ્યા. ' શાંતિદાસ ' તો પણ પૂનઃ તેજ પ્રશ્ન તે યુવકે મહાત્માને પુછ્યો એટલે અપૂર્વ શાંતિને જ્ઞાનનો દાવો રાખનાર મહાત્માનાં મુખ ને ચક્ષુ રક્ત બની ગયાં ને તે બોલ્યા બેવકૂફ બ્હેરો મુવો છે ? સાંભળતો નથી સો વાર કહ્યું કે " શાંતિદાસ " આ સાંભલી તે યુવક ત્યાંથી ચાલી ગયો—વાંચક ! અપૂર્વ શાંતીનો ડોળ રાખનાર પણ વખત આવ્યે કેવા ક્રોધ વશ થઇ જાય છે તે જોયું ?

સામાન્ય અજ્ઞાન મનુષ્ય ક્રોધ વશ થઇ જાય તો ઠીક પણ આપણા અતિ પસિદ્ધ ભરતેશ્વર—બાહુબલી જેવા મહા સમર્થ પુરૂષો પણ ક્રોધના માર્યા ભાઇ ભાઇઓના મસ્તકપર વજ્ર મુષ્ટી મારવા તૈયાર થઇ ગયા—ને પ્રસન્ન ચંદ્રરાજર્ષિ જેવા સમર્થ જ્ઞાની ક્રોધના વશ થઇ એક મીનીટમાંજ મુક્તી રત્ન ગુમાવી સાતમી નારકીના બંધ બાંધવા મંડી પડ્યા હતા. અલબત

જ્ઞાનની તો બલીહારીજ છે કે બાહુબલીને ભરતેશ્વર—તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિ પાછા શાંત થઇ ઠેકાણે આવી ગયા હતા પણ કહેવાનું તાત્પર્ય કે ક્રોધ રૂપી મદિરા મનુષ્યને સારાસાર વસ્તુનો વિવેક ભુલાવી દે છે ને પછી તેનાથી અનેક તત્ત્વવેત્તાઓ મુઝાય છે. તેનાથી ચેતવુંજ હીતકર છે.

રોમન બાદશાહ ઓગસ્ટની એવી ઇચ્છા હતી કે મહારે કદી ગુસ્સે થવું નહી કે જેને પરીણામે અનેક અવિચારી કામો કરી દેવાય તેથી તેણે અનેક જ્ઞાનીઓ તથા તત્ત્વવેત્તાઓ બોલાવી સલાહ પૂછી. દરેકે જુદા જુદા ઉપાય બતાવ્યા. પણ એક " એથેનો દોરાસ " નામના વિદ્વાને કહ્યું કે—" સાહેબ ક્રોધ ચંડાળ આવવા લાગે કે તુરત કાંઇ પણ કામ કરતાં પહેલાં બધા મુળાક્ષરો બોલી જવા " વાંચકોને અત્યારે ઇંગ્રેજી ત્રીજી ચોપડીમાં સીખી ગયેલો " Count ten " દશ ગણો " નો પાઠ અવશ્ય યાદ આવશેજ.

મહાન તત્ત્વવેત્તા સોક્રેટીસના મોંપર એક બેવકુફે પીચકારી મારી તે વખતે તેના મીત્રોએ તેને યોગ્યશાશન કરવા કહ્યું પણ તેણે માત્ર તેને એટલુંજ કહ્યું કે—મને અગાઉથી જણાવ્યું હોત તો હું તૈયાર રહેત ! એમ બોલી ચાલી ગયો. અખીલ વિશ્વમાં વિખ્યાત થયેલા તત્ત્વવેત્તાની કેટલી બધી અપૂર્વ શાંતિ ?

એક અમેરીકન તત્ત્વવેત્તાએ બીલાડી પાળી હતી. તે જ્યારે પોતાના વિચારો વા પ્રયોગોમાં એકાંત બેસતો ત્યારે બીલાડી સીવાય કોઇને પણ પોતાની પ્રયોગશાળામાં આવવા દેતો નહી એક વખતે પોતે બહાર ગયો ને ટેબલપર દિવાલગીરી બળતી હતી. તેના ઉપર થઇ તે બીલાડી કુદી—દિવાલગીરીની મીણબત્તી પડી જવાથી તેનાં ઘણા વર્ષોના અથાગ પરીશ્રમે ને ખર્ચે સંગ્રહેલાં અમુલ્ય પુસ્તકો—શોધ ખોળો—નો ખજાનો ભસ્મ થઇ ગયો. બિલાડી શાંત થઇ બેઠી ને તે તત્ત્વવેત્તા આવી પહોંચ્યો. વાંચકો ! ધારો જોઇએ ! ને વખતે તેણે શું કર્યું હશે ? કંઇજ નહી. તે બીલાડીને પંપાલી જરા હસીને બોલ્યો—માહારાજાના દોસ્ત—હશે ! હું તને માફ કરૂં છું. અહાહા ! કેટલી બધી શાંતિ ? અઢાર પાપસ્થાનક ને દીવસમાં ત્રણ ત્રણવાર આળોવનાર મહારાજ સાહેબોને મહારા જૈન બાંધવો ! અનાર્ય દેશમાં જન્મેલા પણ છઠ્ઠા પાપસ્થાનકનો ત્યાગ કરનાર આવા કેટલા પુરૂષો આપણામાં નીકળશે.

એક વખત એક મોટા ગ્રહસ્થ-અધીકારી કોર્ટમાં જવા નીકળતાં તેની વઢકારી રૂષ્ટ સ્ત્રીએ તેના પર મેડીપરથી એઠવાડનું કુંડું ઢોળયું-વાંચક ! કહો ! આ વખતે તેણે શું કર્યું હશે ? તેણે તેને બોખરી કરવાને બદલે હસ્સીને એટલુંજ કહ્યું કે-" ગાજવીજ વિના વર્ષાદ-એ ઠીકજ થયું." અહાહા ! કેટલી શાંતિ-પણ ખરીજ વાત છે-કે શાંત પુરૂષને ક્રોધ શું કરે ? ઘાસ વિનાના જંગલમાં પડેલો અગ્ની કોને બાળે ? "

ઇટાલીની રાણી કેથેરાઇન પોતાના તંબુમાં બેઠી હતી, તંબુની પાછળ બે સીપાઇઓ તેને ભજતીજ ગાળો આપી રહ્યા હતા તેના કામદારોએ સીપાઇઓને બોલાવી શીક્ષા કરવા કહેતાં-તે બોલી ના-ના-ના મને ગુસ્સા આવે છે ! પણ " મહારા જન્મમાં મેં એકવાર પણ ક્રોધને કર્યો હતો એવી મારી કીર્તી મહારી ભવિષ્યની સંતતીને કાને પડવા દો " !

બે મિત્રો એક વખત ઘોડે બેસી ફરવા જતા હતા-એક મિત્ર જરા અવિચારી હતો-તેનો ઘોડો બહુજ તોફાન કરવા લાગ્યો. તેમ તેમ તે સ્વારે ઘોડાને ખુબ મારવા માંડયો ત્યારે બીજો મિત્ર બોલ્યો શાંતથા મિત્ર શાંત થા ! અને ઘોડા કરતાં તું કંઇક વધારે શાહાણો છે એવું દેખાડનારૂં કંઇક આચરણ કર !

મિત્રો ! આપણે જોઇએ છીએ કે ક્રોધી મનુષ્ય બોધ કરવા લાયક પણ રહેતો નથી-તેનું હૃદય સારાસાર વિચાર રહીત, ઉત્તમ ભાવનાઓને અયોગ્યને સ્નેહ કરવાને નાલાયક, ક્રુર બની જાય છે અને આવા ઘોટાળા ભર્યાં કાર્યોને લીધે તેનું જીવન ઘોટાળા ભર્યું થઇ જાય છે.

સુર્પનખાનો અસ્વીકાર રામે કર્યાથી ક્રોધે ભરાઇ રાવણને ભંભેરી આખુ રામાયણ ભરાય તેટલું યુદ્ધ કરાવ્યું ને રાવણનું નીકંદન કરાવ્યું-તેમજ ભરી સભામાં દ્રૌપદીની લાજ લેવાઇ ને તેથી ઉપજેલો ક્રોધ—તેણે કરી આખું મહા ભારતનું યુદ્ધ ઉપસ્થીત થયું. વાંચકો આ કુરૂક્ષેત્ર તથા મહાભારતનાં યુધ્ધો કોને આભારી છે ? ફક્ત ક્રોધને-ક્રોધનેજ તો ક્રોધે કયા ભડવિરને પણ છોડયા ? ક્રોધે કૃષ્ણે-શીશુપાલ નું મસ્તક છેધુ-ક્રોધે મહાદેવે પોતાના સસરાનો યજ્ઞ ભંગ કર્યો. શંકરાચાર્યને ચાંડાળનો ઉપદેશ સાંભલી નમી પડવું પડયું ને બલદેવ તથા ભીમ જેવા ભડવીર ક્રોધીનું ઉપનામ પામ્યા. ફક્ત ક્રોધ જેવા બલીસ્ટ શત્રુનું જોર કયાં ન ચાલ્યું ? શકલ શ્રેષ્ઠગુણમંડિત-અપૂર્વ શાંતીધારક-ત્રણ જગતના નાથને ક્રોધરૂપી મગતરાને ચપટીમાં મસળી નાંખનાર મહાવીર સ્વામી આ-

દી તિર્થંકરો પાસેજ–તેવા પરમ કૃપાળુ પરમાત્માને કોટી કોટી નમન ! કે આપણને શાંતી મળે !

કદાચ ક્રોધ આવી જાય તોપણ તેને ટુંક મુદતમાં શમાવી દેવો ને શાંતી પકડવી એ તો કંઇક જાણ્યાનું ફળ ગણાય–કારણ સંપૂર્ણ જ્ઞાન સીવાય ક્રોધ કોઇને પણ મુકતો નથી તો પણ બને તેટલું કરી ક્રોધને આવવા ન દેવો ને તેથી પણ આવે તો તેના આવેશમાં કંઇ પણ બોલવું કે કામ કરવું નહી તો પછી બહુ પસ્તાવા જેવું નહી રહે. ભુલશો નહી. વાંચકો કે આત્મગુણની હાની કરનાર–સંયમનો ઘાત કરનાર સ્નેહ કે સગાઇનું નીકંદન કરનાર આ ભવ પરભવમાં રખડાવનાર આર્થીક–પરમાર્થીક અનંત નુકશાન કરનાર ને છેવટે મુક્તિ પૂરીની બારીમાં બે પગ પોહોળા કરી વચ્ચે ઉભો રહેનાર ક્રોધ–રાક્ષસ જેવો તેવો સ્હેજમાં જીતાય તેવો નથી તેને જીતવાનો ' હાથીના કાનમાં મગતરા ' ની પેઠે નાજુક શાંતીજ સમર્થ છે કે જે તન મન ધનને અને આત્માને અનંત સુખ આપી શકે છે.

પાદરા. કાર્તિક શુદ ૧૫ } કત્યલં વિસ્તરેણ. શાંતિ–શાંતિ–શાંતિ.
મણિલાલ મોહનલાલ વકીલ.

---

# ગ્રહસ્થાશ્રમ શાથી ઉત્તમ શોભી શકે

## ( લેખક. શેઠ. જેશીંગભાઈ પ્રેમાભાઇ મુ. કપડવણજ. )

( અનુસંધાન અંક ૮ માના પાને ૨૫૪ થી )

તેજ પ્રમાણે પાંચમું દરેક મનુષ્યે સત્ય નીયમનું પાલન કરવું જોઇએ. એટલે કે પોતાના વિચાર પ્રમાણે વર્તન હોવું જોઇએ પણ તેવું મર્યાદામાં સ્થાપન થવું જોઇએ. જો તે મર્યાદામાં સ્થાપન ન થાય તો દરેક કામ અવ્યવસ્થીત થઇ જાય. જ્યારે દરેક કામ વ્યવસ્થાસર ન રહેતું હોય તો પછી આપણો બધો વેપાર અટકી જાય માટે સત્યના નીયમો એટલે કે મર્યાદામાં આવવાની જરૂર છે. આ ઉપરથી આપણને સત્યનું પ્રાબલ્ય સમજાશે પણ તે મર્યાદામાં હોય છે એટલે ભીન્ન ભીન્ન વ્યક્તીનો સંબંધ થાય છે તોપણ અનર્થકર પરીણામ આપતું નથી. હવે આ સ્થળે સહજ શાસ્ત્રીય વિચાર કરવો આવશ્યક છે. જીવન પ્રયાસ ( Struggle for existence )

માં વ્યક્તિ વ્યક્તિનો સંઘર્ષ થાય છે. પ્રતાપી વ્યક્તિ બીજાને દાબી હઈ આગળ ચઢી આવે છે. આ ઉપરથી આ ગુણની જરૂર સંબંધમાં સહજ સ્પષ્ટ થાય છે કે જે મનુષ્યોમાં સત્ય સ્થાપનનો નીયમ અને સ્વાશ્રયનો ગુણ હોતો નથી, તે મનુષ્યો આગળ તરી આવતા નથી. હવે આ ગુણોની ગૃહસ્થાશ્રમમાં કેટલી અગત્યતા છે તે સહજ સ્પષ્ટ થઇ જાય છે. વળી આ ઉપરથી થોડુંક વધુ વીવેચન કરી આથી વધારે અજવાળું પાડવા પ્રયત્ન કરીશ. **કાલપીઅસેન** જેવા વીજ્ઞાન વિદ્ પુરૂષો એટલે સુધી લખે છે કે આજ કાલ રાજ્યવંશો આદિ વ્યક્તિકારોની ખીચડી રૂપે ઇતીહાસની રચના કરવામાં આવે છે તે સત્ય દ્રષ્ટિથી જોતાં દુષીત છે. પ્રજા પ્રજાના વહેવાર જીવન પ્રયાસના સિદ્ધાંત ને અવલંબી થાય છે, એવું સ્પષ્ટ વાંચનારના મનમાં ઠસાવવું જોઇએ. વિજ્ઞાન પદ્ધતિ પ્રમાણે ઇતીહાસ રચવાથી પારકા મુલક મેળવવાનાં કારણ કઢંગી રીતે બતાવવાં પડે છે. જેમાં એક પ્રસીદ્ધ કારણ **કીપ્લીંગની** પરી ભાષામાં "White man Burden" એ છે. આ પ્રમાણેના પ્રજા પ્રજા વચ્ચેના જીવન પ્રયાસના સંસ્કારો દરેક વ્યક્તિના મગજમાં ઠશી ગએલા હોય છે અને પ્રજા પોતાનું પ્રજા તરીકેનું કર્તવ્ય સારી રીતે સમજતી હોય છે અને તેથીજ તે પ્રજા વીજયી છે તો આપણે પણ હવે આપણું કર્તવ્ય સમજવાની જરૂર છે. આપણો ગૃહસ્થાશ્રમ આપણે ઉત્તમ કરવા મથીએ છીએ. આપણે ઉત્તમ પ્રજા તરીકે ગણાવા મથીએ છીએ પણ જ્યાં સુધી આપણામાં આવા ગુણો આવ્યા નથી ત્યાં સુધી આપણો જય નથી. વેપાર, ઉદ્યોગમાં પણ આવા ગુણોની જરૂર છે. જે વેપારીનું વર્તન સારૂં હોય છે અને પ્રમાણીક હોય છે, અને વળી જેને પોતાના બળમાં વિશ્વાસ છે એજ વેપારી આગળ તરી આવી શકે છે. વળી ધનનો પણ વધુ સંગ્રહ મેળવી શકે તેમ છે. દરેક વ્યક્તિ પૈસો મેળવવાને ઇન્તેજાર હોય છે પણ જે વ્યક્તિ બુદ્ધિ પૂર્વક પોતાનું કામ કરતી નથી તેજ પૈસો મેળવી શકતી નથી અને સંપત્તિ વીના આ બાહ્યનાં ઉચાં સુખ પણ ભોગવતી નથી વળી જેને આત્મીક સુખની અભીલાષા હોય છે, તેવાઓએ પણ આ ગુણ કેળવવાની અગત્યતા છે કારણ કે આવા ગુણો જ્યાં સુધી બહાર પ્રકાશી આવતા નથી ત્યાં સુધી આત્મા પોતાના મુળ સ્વરૂપે પ્રકાશી શકતો નથી. વળી જ્યાં સુધી મનુષ્યમાં સત્ય નીયમનો ગુણ હોય છે, ત્યાં સુધી તે મનુષ્ય ન્યાત લોકમાં દીપી નીકળે છે કારણ કે મર્યાદાની જરૂર હોય છે, એ તે સારી રીતે સમજતો હોય છે. વળી તેનામાં

સત્ય સ્થાપનનો ગુણ હોવાથી બીજાને ઉત્તમ કાર્યો કરવાની ફરજ પાડી શકે છે, પણ પેલા ગુણને લેઇ મર્યાદીત પણ થાય તો પછી તે મનુષ્ય લોકપ્રીયતા મેળવે તેમાં શી નવાઇ ? હવે જે ગૃહસ્થાશ્રમ દીપીકામાં લોક પ્રીયતાની અગત્યતા છે તે કેવી રીતે પુરી પાડવી તે આ ઉપરથી સહજ સ્પષ્ટ થશે, હવે જે મનુષ્યો મહાન્ પુરૂષ થવાના છે તેમણે દરેક દેશની વ્યવસ્થા પણ જાણવી જોઇએ. આવી વ્યવસ્થા જાણવાને માટે ન્યુસપેપરો અને બીજી ચોપડીઓ વીગેરે વાંચવાની જરૂર છે. આજ કાલ યુરોપની પ્રજા વેપાર ઉદ્યોગમાં ઘણીજ આગળ વધેલી ગણાય છે માટે હું તમને તે પ્રજાનીજ વ્યવસ્થાનું થોડુંક દીર્ઘ દર્શન આપીશ. ત્યાંની પ્રજાના ગુણો તો ઉપર સહજ સ્પષ્ટ રીતે સમજાવી ચુકયો છું તો પુન રૂક્તિ કરવાની જરૂર જણાતી નથી. આ વ્યવસ્થાથી ઘણાજ આગળ તે લોકો વધેલ છે. વળી હવે તેઓ સ્વાશ્રય વાળા હોવાથી નવો નવો ઉદ્યોગ શોધી કાડે છે. આપણે સહજ તપાશીસું તો તરતજ સમજાશે કે તે લોકોએ કેટલા અવનવા ફેરફાર કર્યા છે. તેજ પ્રજાએ રેલવેની શોધ કરી પ્રજાને કેટલું સુખ કરી આપ્યું છે. તેજ પ્રજાએ સંચાની શોધોમાં અવનવો ફેરફાર કરી આપી કેટલું સુખ કરી આપ્યું છે. તેજ શોધોથી મીલઉદ્યોગ કેટલી ચડતીમાં આવી શકયો છે. તે પ્રજાએ નવી નવી શોધો કરી કેટલો ફેરફાર કર્યો છે તે ફેનોગ્રામ વીગેરેથી સહજ સ્પષ્ટ સમજાય તેમ છે. હવે તે લોકનો વેપાર જોઇએ તો આપણે વેપારમાં કેટલા આગળ વધી શકીએ તેમ છીએ, આપણે સહજ તપાશી શું તો આપણને તરતજ સમજાશે કે આપણે વેપારમાં કેટલા પછાત છીએ. આપણો દેશ હજુ તે વેપાર ખીલવવાની શકતી ધરાવી શકતો નથી અને તેથી ધન પ્રાપ્તી પણ ઘણી સારી રીતે થઇ શકતી નથી. માટે વેપાર કેમ ખીલવવો એ ઉપર દરેક વ્યકિત એ વિચાર કરવાની અગત્યતા છે. આ વેપાર ખીલવી ગૃહસ્થાશ્રમ ઉચ્ચ પ્રકારનો કરવા દરેક મનુષ્યે તેના ખર્ચની વ્યવસ્થા કેવા પ્રકારની રાખવી જોઇએ તેનો જરા વીચાર કરીશું. દરેક મનુષ્યે પોતાનું ખર્ચ પોતાની આવક ઉપર વીચાર કરી કરવાની જરૂર છે, જે મનુષ્યો આવક કરતાં વધુ ખર્ચ કરે છે, તેવાઓની તરતજ પડતી થાય છે. દરેક કામમાં ઘટતી કસુર રાખી વર્તવાની જરૂર છે. સારૂ સારૂ ખાવું અને સારૂ સારૂ પહેરવું એટલાથીજ કંઇ સારા માણસનાં લક્ષણ આવતાં નથી પણ પોતાના પૈસાનો સદુપયોગ કરવો તેમાંજ ગૃહસ્થાઇનાં લક્ષણો છે. આપણો પૈસા જ્યારે બીજાને ઉપયોગમાં ન

આવી શકે ત્યારે આપણે શેઠીઆ શા કામના ? હાલમાં આપણી કોમની હાલત તપાસીશું તો તરતજ સમજાશે કે આપણે ખરેખર જોતાં નામનાજ શેઠીઆઓ છીએ કારણ કે જ્યારે આપણે બે ઘોડાની ફાઇટીનમાં બેશી એશારામ ભોગવીએ છીએ ત્યારે આપણો સ્વામી ભાઇ ચીંથરે હાલ લુગડે અથડાય છે. આને શેઠાઇ કે ગરીબાઇ. વળી જોઇએ તો આપણે કેટલા અભણ છીએ. મનુષ્યની ઉન્નતિ જ્ઞાન વીના નથી. અને તેવું જ્ઞાન આપણામાં જોઇએ તેટલું ખીલ્યું નથી. હવે જે મનુષ્ય અભણ છે, તેવાઓને જ્ઞાન આપવાની જરૂર છે. તેવાઓને માટે નીશાળો, હાઇસ્કુલો, કોલેજો, બોર્ડીંગો વીગેરે કાઢવાની અત્યંત અગત્યતા છે. નહી કે એશારામમાં ઉડાવવા હવે મુખ્ય પોઇન્ટ ઉપર આપણે વીચાર કરીએ. આવા કારણો ને લઇ દરેક મનુષ્યે પોતાના ખર્ચમાં ઘટતી કર કસર કરવાની જરૂર છે. કુલીન ઉદારતા બતાવવામાં હરકત નથી પણ જ્યાં પાઇ ખર્ચવાની જરૂર હોય ત્યાં પૈસો ખર્ચ રાખવો એ સારૂ નહીં. "Money saved is–money got" એ પ્રમાણે દરેક મનુષ્યે વીચારવાનું છે. અગત્યનું ખર્ચ કરવું એમાં કોઇ જાતનો બાધ નથી પણ બીજા ઉપયોગમાં પૈસા નાંખી દેવા નહી જોઇએ. એ સિદ્ધાંતને પણ લક્ષમાં રાખવાની દરેક બુદ્ધિમાન પુરૂષની ફરજ છે. સારાં સારાં ઘરેણાંથી આપણે જેટલા શોભી શકીએ છીએ તે કરતાં લાખ ગણે ઉત્તમ દરજ્જે આપણે આપણા ગુણોથી શોભી શકીએ છીએ. અગત્યતાના કામમાં જેટલી પૈસા ખર્ચવાની જરૂર છે. તેટલી કાંઇ બીજા ઉપયોગી ફેસનની ફીશીઆરીમાં ખેંચાઇને પૈસા ખર્ચવાની જરૂર નથી. આજ કાલના ઘણા મનુષ્યો પૈસાનો વ્યય કરતાં અચકાતા નથી અને તે વળી તેઓની દુર્ગુણી હાજતો પુરી પાડવાને માટેજ વાપરે છે. હું પહેલેથીજ કહેતો આવ્યો છું કે દરેક મનુષ્યને સદ્ગુણી થવાની અગત્યતા છે. જો વ્યકિતનું વર્તન ઉચ્ચ હોય તો પૈસાનો આવો વ્યર્થ વ્યય થવા તરતજ અટકી શકે તેમ છે. આ ઉપરથી સહજ સ્પષ્ટ થાય છે કે મનુષ્યો પૈસાનો વ્યર્થ વ્યય કેવી રીતે કરે છે. આથી વધુ કહેતો એટલું તો જણાવ્યાવીના છુટકો નથી કે જો મનુષ્યોના હ્રદયમાં ઉંચામાં ઉંચી નીતિની છાપ હોય છે તો તેવા મનુષ્યોના પૈસાનો આવો વ્યર્થ વ્યય થતો અટકી શકે તેમ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પૈસાનો વ્યર્થ વ્યય કરવાથી જેટલું સુખ મનુષ્ય પામે છે, તેના કરતાં ઓછા પૈસાથી સદ્ ઉપયોગ કરે તો વધારે સુખ પ્રાપ્ત કરીશકે છે. મારૂં એમ કહેવું નથી કે મનુષ્યે સુખો ન ભોગવવાં

જોઇએ પણ તેને મર્યાદીત પણે ભોગવવાં જોઇએ અને લોકોમાં એમ ન કહેવાવું જોઇએ કે તેના પૈસાનો વ્યય ઘેર વ્યાજબી રીતે થાય છે અને વળી આ બાહ્ય સુખો કરતાં પણ હજાર દરજ્જે ઉત્તમ સુખો છે કે જે સદ્ વર્તનથીજ મળી શકે છે. માટે સદ્વર્તનની ખાસ અગત્યતા છે પણ દુનીયાનાં સુખો ભોગવવાને માટે પૈસાની જરૂર છે. તે સર્વ આ ઉપરથી સ્પષ્ટ થશે. આપણે પૈસાની પ્રાપ્તી કેવી રીતે કરવી તેને વિષે હવે જરા વિચાર કરશું. કાર્ય કરવા પાછળ જો આપણે મંડયા રહીએ છીએ તો કાર્યમાં કદી નીષ્ફળતા મળતી નથી. ફક્ત સતત્ પ્રયત્નની જરૂર હોય છે. એકવાર પાછા પડયા તો બીજી વાર અને બીજી વાર પાછા પડયા તો ત્રીજી વાર એમ જો પ્રયત્ન કરતા બંધ પડતા નથી તો તે કાર્યમાં જલદી પાર પડાય છે. જે મનુષ્યો આવા દ્દઢ આગ્રહ વાળા હોય છે, તેઓનો સર્વદા વીજયજ હોય છે વળી આ સિદ્ધાંત પણ દરેક મનુષ્યે લક્ષમાં રાખવા જેવું છે.

વેપાર ઉદ્યોગના કામમાં પણ આ સિદ્ધાંત ઘણો ઉપયોગી છે કારણ કે કામ કરતી વખતે કામની પાછળ મંડયા રહેવું અને પછી એશઆરામ ભોગવવો હોય તો તે પણ ભોગવી શકાય છે. જો મનુષ્ય એકલો એશઆરામ ભોગવવા માંડે છે તો તેની લક્ષ્મી ખુટયા વિના રહેતી નથી કારણ કે લક્ષ્મીનો સ્વભાવ ચંચળ છે અને એકથી બીજાના અને બીજાથી ત્રીજાના હાથમાં તે હમેશ ફર્યા કરે છે. એ ન્યાયે જે મનુષ્ય પોતાનો વખત એશઆરામમાં ભોગવે છે તેની લક્ષ્મી તેમાં ને તેમાંજ ચાલી જાય છે અને ઉદ્યમ કરતો નથી એટલે તેના હાથમાં અન્ય સ્થળેથી લક્ષ્મી પાછી આવવાનો સંભવ નથી, આમ છે તો પછી લક્ષ્મીનો પણ નાશ છે એ સ્પષ્ટ છે. ઉપર કહી ગયો છું તેમ ધનનેજ ધન પ્રાપ્તીમાં યોજવાથી અનંતગણું ધન પ્રાપ્ત થાય છે. ધનનો સદ્ ઉપયોગ કરવાથી તે ધન ઉગી નીકળે છે એટલે અન્ય જન્મમાં કામ આવે છે પણ જે મનુષ્યો ધનનો વ્યર્થ વ્યય કરે છે તેની કેવી દુઃખી સ્થીતિ થાય છે તે સર્વ વાંચક વૃંદ જાણતુંજ હશે.

સર્વ પ્રકારનાં સુખો મેળવવાને આપણે હકદાર છીએ. કુદરતના નીયમમાં કોઇ રાય કે રંક નથી પણ બન્ને સરખાજ છે. કુદરતના નીયમને અનુસરીને વર્તવાથી ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે પણ જ્યારે તેને અનુસરીને વર્તન કરે ત્યારેજ દુઃખી સ્થીતિ આવે છે. પોતાને ના લાયક અને હલકો માનવામાંજ કોઇ મોટો ગુણ સમાયેલો છે એવોજ મત ઘણાને એસી

ગયો છે. રહેવાને સારાં ઘર, પહેરવાને ઉત્તમ વસ્ત્ર, ખાવાને ઉત્તમ પૌષ્ટીક શુદ્ધ અન્ન અને એવી નાના વીધ વીધ દુનીયાનાં અન્ય સુખો ભોગવવાને આપણે સંસારીઓ હકદાર છીએ. આપણે તુચ્છ મનુષ્ય છીએ. આપણા નસીબમાં આ બધું ક્યાંથી હોય એવું માનવું એ ભુલ ભરેલ છે. આપણા કૃત્યથી કર્મનાં ફલ ભોગવનાર આપણેજ છીએ તેથી જ જો આપણાં કર્તવ્ય ઉત્તમ પ્રકારનાં હોય છે તોજ આપણે આ વીધ વીધ પ્રકારનાં સંસારીક સુખો ભોગવી શકીએ છીએ.

કેટલાક વળી વૈરાગ અને સાદાઇનો ખોટો ડોળ ધારણ કરનાર હોય છે. શુભ પણ ઉત્તમ વસ્તુઓની, ધનની તથા પદવીની તેઓ અત્યંત લાલસા રાખનાર હોય છે. બહારથી આ બધાની તેઓ નીંદા કરે છે. વળી બહીરથી ઘણાજ સાદા રહે છે અને આ બધું કરવું તેને સદગુણ ગણે છે. પણ પોતાને હલકો તથા ના લાયક ગણવો એ કાંઇ સદગુણ નથી. તેથી ઉન્નતિ નથી થતી પણ અવનતી થાય છે. પોતાની યોગ્યતા પ્રમાણે વર્તવાની દરેક મનુષ્યને આવશ્યકતા છે તેથી ઉલટું જેઓ કરે છે તેઓ ના લાયક મટી લાયક થઇ શકતા નથી. મનુષ્યે પોતાને શા માટે ના લાયક ગણવો જોઇએ ?

મહાલયો માંહિ વાસ કરનાર રાજાઓનાં શરીર સુવર્ણનાં નથી અને વળી તેમના શરીરમાંથી કાંઇ અત્તરના ફુવારા છુટતા નથી. આપણાં શરીર કાંઇ ચીમડાતાં નથી ને વળી કંઈ દુર્ગંધ મય પણ નથી. અન્યો અન્ય બન્નેનાં શરીર સરખાંજ છે માટે રાજાજ વૈભવ ભોગવવાને લાયક છે અને આપણે નથી એ માનવું એ ભુલ ભરેલ છે, આપણે પણ જો પ્રયત્ન કરી લક્ષ્મી પ્રાપ્ત કરીએ તો તેજ વૈભવ અને વળી તેથી અધીક વૈભવ પણ ભોગવી શકીએ તેમ છીએ માટે આપણે આપણને ના લાયક વા તુચ્છ માનવાની કંઇજ જરૂર નથી. આ ઉપર નીચેના દ્દષ્ટાંતથી તમોને આથી પણ વધુ સ્પષ્ટ રીતે ખ્યાલ આપી શકાય તેમ છે.

એક દીવસે એક ફ્રેન્ચ સીપાઇ એક અગત્યનો સંદેશો દુરથી લઇ આવ્યો જે તેણે નેપોલીયનને તે સંદેશો આપ્યો. તે જેવો ઘોડા ઉપરથી ઉતર્યો કે તરતજ તેનો ઘોડો અત્યંત થાકેલ હોવાથી ચકરી ખાઇ પડ્યો ને મરી ગયો નેપોલીયને જવાબ લખી ચીઠી તેને આપી અને કહ્યું કે હે મિત્ર ! આ ઘોડા ઉપર બેસ અને તાકીદે જઇ સંદેશો પહોંચાડ. પેલા સીપાઇએ જવાબ આપ્યો "નામદાર ! હું આવા ભવ્ય ઘોડા ઉપર બેસવાને લાયક નથી." પછી તે નેપોલીયને કહ્યું કે **જા ભાઇ જા લઈ જા એવી**

**કોઈ પણ વસ્તુ મુલ્યવાન નથી કે જેને માટે ફ્રેન્ચનો સીપાઈ લાયક ન હોય.** નેપોલીયનના આ શબ્દોથી લશ્કરમાં ફરી તરતજ ઉત્સાહ અને બળ આવ્યાં. એવી કોઈપણ વસ્તુ નથી કે જેને માટે આપણે લાયક નથી અને વળી આપણો સરદાર પણ લાયકાત વાળા ગણે છે એ વીચારે તેમાંના ત્યાર પછી કરેલ પરાક્રમ ને માટે નવું બળ પ્રકટાવ્યું. નેપોલીયન મનુષ્યના સ્વભાવ અને માનસ શાસ્ત્રના નીયમને સારી રીતે જાણતો હતો અને તેજ અનુસારે તેને આવું કરવું પડ્યું કે જેથી તેના લશ્કરમાં નવો ઉત્સાહ અને બળ પ્રગટે અને થયું પણ તેમજ. એ ન્યાય અનુસારે જો તમે તમારૂ હીત ઇચ્છતા હો તો લાયક થવાની એક લગાર પણ જરૂર નથી. આ ઉપરથી સીદ્ધ થાય છે કે આપણે સર્વ સુખના અધીકારી છીએ તો પછી ધનાદિ વૈભવ માટે પ્રયત્ન કરવાનો અને જે સુકું પાકું મળે તેમાં સંતોષ માની બેસી રહેવાનો વીચાર આપણા જેવા વ્યવહારીક સુખના અભિલાષી અર્થે જરૂરનો નથી. તેવો વીચારતો જેને પોતાનું જીવન પારમાર્થિક સાધનો માટે ગાળવાનું છે એવા ત્યાગીઓને માટે છે:–ગૃહસ્થાશ્રમી પુરૂષોએ સ્ત્રીઓ તરફ ધિક્કાર બતાવવાની જરૂર નથી પણ અન્યોઅન્ય પ્રેમ ભાવથી રહેવું જોઇએ. કારણ કે રથને એક પઇડું સારૂં નથી હોતું તો એક પઇડે રથ સારી રીતે ચાલી શકતો નથી તેમજ ગૃહસ્થાશ્રમમાં એક સાધન સારૂં હોય તો તેથી ગૃહસ્થાશ્રમ ઉચ્ચ થઇ શકે નહિ માટે બંને સાધન સુધારી ગૃહસ્થાશ્રમ ઉચ્ચ કરવો જોઇએ તેજ કારણે અન્યોઅન્ય પ્રેમભાવથી વર્તન રાખવું જોઇએ કે જેથી ફરી આનંદ અને સુખશાંતિમાં રહી શકાય તેમજ જીવન પણ ઉચ્ચ કરી શકાય.

ધન કાંઇ તમને દુઃખ આપતું નથી પણ તમારી અયોગ્ય ઇચ્છા એજ તમને દુઃખ આપે છે. તેમને સદ્વર્તન વડે જીવી શુભ ઇચ્છાઓ પ્રકટાવી ધનનો સદ્ ઉપયોગ કરો તો તમો અમર્યાદ સુખ મેળવી શકો, તેમ છો. સદ્વર્તનતો ગૃહસ્થાશ્રમમાં રહેલ મનુષ્યને પરમાર્થ સાધવાનાં સાધાનોમાં અનુકુળતા કરી આપે છે એટલુંજ નહિ પણ મોક્ષને આપનાર તત્વ જ્ઞાનના પણ હેતુ ભુત થાય છે. તમો ત્યાગી હો તો ધન અનર્થ કરે છે એવું ભલે સ્વીકારશો પણ અત્યારે તમારી વ્યવહાર દશામાં એ વીચાર હીત કરતાં અહીત કરનાર થઇ પડશે.

( ચાલુ )

# राज्याभिषेकनो मांगलिक प्रसंग.

આ મહિનામાં સૌથી વધારે આકર્ષણ કરનારો અને આનંદજનક બનાવ બનવા પામ્યો છે અને તે માટે આખું હિંદ ખુશાલીમાં મ્હાલે છે. આપણા નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ અને શહેનશાહબાનુ મેરીનો દિલ્હી ખાતે થયેલો રાજ્યાભિષેક છે. આ નામદાર મહારાજા જ્યારે પાટવી કુંવર તરીકે ૧૯૦૫ માં હિંદુસ્થાનમાં આવ્યા હતા, ત્યારે તેમણે આ દેશ પ્રતિ ઘણીજ દિલસોજીની લાગણી બતાવી હતી, અને તે ઇંગ્લાંડના મહારાજા જાતે હિંદમાં પધારે અને તેમનો હિંદની પ્રાચીન રાજધાની દિલ્હીમાં રાજ્યાભિષેક થાય એ અપૂર્વ બનાવ છે, આવો બનાવ પૂર્વે કદાપિ બન્યો નથી, અને તે બનાવથી હિંદના લોકો જે રાજભક્તિ માટે પ્રસિદ્ધ છે, તેમના મનમાં કાંઇક અદ્‌ભુત ભક્તિ જાગ્રત થઇ છે.

રાજા એ દૈવી પુરૂષ છે એમ દરેક ધર્મગ્રન્થમાં લખેલું છે. અમે જૈનલોકો પ્રતિક્રમણ કરતી વખતે શાંતિ બોલીએ છીએ,અને ઇચ્છીએ છીએ કે

श्री श्रमण संघस्य शान्तिर्भवतु
श्री जनपदानां शान्तिर्भवतु
श्री राजाधिपानां शान्तिर्भवतु
श्री राजसन्निवेशानां शान्तिर्भवतु
श्री गोष्ठीकानां शान्तिर्भवतु
श्री पौरमुख्यानां शान्तिर्भवतु
श्री पौरजनस्य शान्तिर्भवतु
श्री ब्रह्मलोकस्य शान्तिर्भवतु

**અર્થ**:—શ્રી શ્રમણ સંઘને શાન્તિ હો ! શ્રી આર્યાવર્તને શાન્તિ હો !
શ્રી **રાજાધિરાજને** શાન્તિ હો ! રાજ્યના અમલદારોને શાન્તિ હો !
રાજકુટુમ્બીઓને શાન્તિ હો ! નગરના મુખ્યજનોને શાન્તિ હો !
નગરના લોકોને શાન્તિ હો ! તત્ત્વજ્ઞાનીઓને શાન્તિ હો !

રાજાના શુભ આગમનથી સર્વત્ર શાંતિ ફેલાયેલી છે, અને તે શાંતિ હવે કાયમ રહેશે એમ આપણે ઇચ્છીશું.

જૈન કોમ એ વ્યાપારી કોમ છે, અને જયારે રાજયમાં સલાહ શાન્તિ હોય ત્યારેજ વ્યાપાર ઉદ્યોગની વૃદ્ધિ થઇ શકે. બ્રિટીશ રાજ્યમાં આપણને

જે અનેક લાભ મળ્યા છે, તેમાં મુખ્ય આપણા જાન માલની સલામતી છે. પ્રથમ જ્યારે જ્યાં ત્યાં લડાઇઓ ચાલતી હતી, અને લોકોના જાન માલને બહુ ભય રહેતો હતો, ત્યારે હવે સઘળા શાંતિમાં રહી શકે છે, અને દૂરના દેશો સાથે વ્યાપાર કરી શકે છે. સૌ કોઇ પોત પોતાની મરજી માફક ધર્મ પાળી શકે છે; આ બાબત પણ જૈન જેવા શાન્તિપ્રિય ધર્મને બહુ લાભ કારક છે. આપણે પરમાત્મા પાસે પ્રાર્થના કરીશું કે તે નામદાર શહેનશાહ પાંચમા જ્યોર્જ અને મહારાણી મેરીનું રાજ્ય અમારા પર ચિરકાળ રહો, અને તે નામદારોને લાંબુ આયુષ્ય, વધારે આબાદી અને સુયશ રહો, અને તેમના રાજ્યની શિતળ છાયા નીચે સર્વનું કલ્યાણ થાઓ.

---

## " कर्त्तव्यशील जीवन. "

( લેખક.—ભોગીલાલ મગનલાલ. શાહ. સુ. ગોધાવી. )

I slept & dreamt that life was beauty,
I awoke & found that life was duty.

( Smiles. )

મનુષ્યજીવનનો આધાર ઉદ્યોગ વા સત્પ્રવૃત્ત પર છે. મનુષ્યના શરીરની રચના જોવાથી માલુમ પડે છે કે તે એક યંત્રરૂપે છે. શ્વાસોચ્છવાસની, આહારના પદાર્થોનું પાચન થઇ રક્તરૂપે પરિણમવાની, રક્ત પ્રસરણની, અને ખાન પાન, ચલન વલન આદિની સ્વાભાવિક તેમજ અસ્વાભાવિક ક્રિયાઓ શરીરયંત્રના ક્રિયાસક્ત જીવનના પરિણામરૂપ છે. શરીર સાથે મન પણ તેટલુંજ ક્રિયાસક્ત અને પ્રવૃત્તિમય છે. તે શરીરયંત્રના નિયામકરૂપે છે. તેના દરેક વ્યાપારનું તોલન કરી તેને કાર્ય પ્રવાહમાં જોડે છે. આ પ્રમાણે મનુષ્યના શરીર અને મનની રચના પ્રતિ લક્ષ્ય આપતાં મનુષ્યજીવન સત્પ્રવૃત્તિમાં રહેવા નિર્માયેલું સ્પષ્ટ થાય છે. મન તેમજ શરીર સત્પ્રવૃત્તિ રૂપી ખોરાક વિના ક્ષીણ થાય છે. જેમ ઉદ્યોગ, મહેનત —આદિ વિના શરીર ક્ષીણ થાય છે, અગર મેદ વધવાથી અશક્ત બને છે, તેમ મન પણ જ્ઞાન, ધ્યાન વા અધ્યયન વિના ક્ષીણ થઇ ગ્લાનિ પામે છે અને સંકલીષ્ટ રહે છે. આ પરથી સિદ્ધ થાય છે કે મનુષ્યજીવનમાં મન ધર્મમાં વાપરવું યોગ્ય છે. મનની શક્તિઓ પૈકી ઇચ્છા વા ક્રિયા શક્તિ તેને પ્રવૃત્તિમય રહેવાને પ્રેરે છે. "Nature abhores vacuam." કુદરત અવકાશને ધીક્કારે છે.

જો મગજ ખાલી હોય તો તેમાં નકામા ભૂત ભવિષ્યના સારા નરસા વિચારો ( તર્ક વિતર્ક ) થયાં કરે છે, અને નવી સૃષ્ટિની અને સુખ દુઃખની શ્રેણીની સ્થાપના થતી જાય છે. આળસ એ અનીતિનુ મૂળ છે, સત્પ્રવૃત્તિ વા ઉદ્યોગ મનુષ્યના મનને તેના સાધ્ય વિષયમાં જોડી તેમાં તેની વૃત્તિને દૃઢ કરે છે.

" Oh mortal man, who livest here by toil,
o not complain of this thy hard estate;
That like an emmet thou must ever moil,
Is a sad sentence of an ancient date;
And certes there is it reason great,
For, though sometimes it makes thee weep & wail,
And curse thy stars & early drudge & late;
Withouten that would come an heavier bale,
Loose life unruly passions & disease pale.

( Thomson. )

પરિશ્રમવડે ઐહિક જીવન ગાળનાર, હેનશ્વર મનુષ્ય પ્રાણી ! તું તારી દુઃખી સ્થિતિ વિષે એમ બબડતો ના, કે કીડીની માફક તારે નિરંતર સખ્ત વૈતરું કરવાનું છે પરંતુ તે માટે ખરેખર કાંઇ મહત્વનું કારણ છે; કારણ કે જોકે કોઇ કોઇ વખતે તારે રુદન કરવું પડે, તારા ગ્રહોને શ્રાપ દેવા પડે, અને સહવારથી રાત્રી સુધી સખ્ત વૈતરું કરવું પડે તો પણ તે સિવાય અસંયમી જીવન, નિરંકુશ પાશવવૃત્તિઓ અને વ્યાધિનો સંચય થાય છે.

નિરૂદ્યોગી મનુષ્ય આળસુ અને સુસ્ત રહેવાથી દુરાચાર અને વિષયવાસના તરફ જલદી ફસાય છે, તેનું કર્તવ્ય-બળ નષ્ટ થાય છે, સહનશિલતા આદિ શક્તિઓ નાશ પામે છે, અને ક્રમશઃ તે પણ અધઃપતન પામે છે. અભ્યાસ કે વ્યાપાર ઉદ્યોગથી કંટાળી નાસિપાસ થયેલા અને ઇન્દ્રિય-વિષયો તેજક વાર્તાલાપમાં કે ઉત્તેજક નવલકથાના વાચનમાં મચ્યા રહેલા, યુવકોના જીવનને જો કર્તવ્યનો પાસ બેઠેલો હોય, તેમનામાં કર્તવ્યની લાગણી ઉત્પન્ન થઇ હોય, તો કેટલા દુર્ગુણ અને દુરાચાર નાશ પામવાનો સંભવ છે. ઉક્ત દુર્ગુણાદિના નાશના નિમિત્ત રૂપેજ ઉદ્યોગી અને કર્તવ્યશિલ જીવન ખાસ ઉપયોગી છે. કર્તવ્યના ભાનવિનાના ઘણા યુવકોનાં જીવન વ્યર્થ ગયે-

ક્યાં આપણે જોયાં છે ? મનુષ્યના વિકાસમાં અગત્યનો ભાગ બજાવનાર કર્તવ્યની લાગણીનું બળ વિશેષ છે. મનુષ્યની બુદ્ધિ આદિ દરેક શક્તિઓના વિકાસમાં શુભેચ્છા શક્તિ અગત્યનો ભાગ બજાવે છે. એકાંતે પ્રારબ્ધવાદપર આધાર રાખી બેસી રહેનારાઓના લીધેજ આ હિંદ ભૂમિ અવનતી પામીછે.

સતક્રિયાસક્ત જીવન મનુષ્ય જાતિની ઉત્ક્રાંતિમાં સબળ સાધન છે. પૃથ્વીપર નામાંકિત થયેલા શિષ્ટ અને મહાન્ પુરૂષો ઉત્કટ ક્રિયાશક્તિ વા કર્તવ્યની લાગણીના લીધેજ પ્રસિદ્ધ થયેલા હોય છે, અને ઉચ્ચપદ પ્રાપ્ત કર્યું હોય છે.

આપણી જાત, કુંટુંબ, જ્ઞાતિસમૂહ, ગામ, દેશ. ધર્મ પ્રત્યે આપણું શું કર્તવ્ય છે, તેનું ખાસ ભાન હોવાનું આવશ્યક છે. કર્તવ્ય શૂન્ય, નિરૂદ્યમી, આળસુ અને મોજીલા યુવકોનું જીવન ફક્ત ઉક્ત ગુણની ખામીને લીધે કેવું ઉન્માર્ગે દોરાયેલું હોઇ આત્મિક અવનતિએ પહોંચેલું હોય છે?

રે મનુષ્ય ! તું વિચાર કર કે જ્યારે તારૂં શરીર તેમજ મન આળસથી ક્ષય પામે છે, ત્યારે જે કુટુંબ, જ્ઞાતિ અને પ્રજાવર્ગ આદિ સાથે વ્યવહાર સંકલનામાં તું જોડાયો છે તે પણ ઘટિકાયંત્રની માફક એક ચક્ર શિથિલ પડતાં કેવાં શિથિલ થઇ જશે, કુટુંબ, જ્ઞાતિ બલ્કે પ્રજા વર્ગ સર્વની ઉત્ક્રાન્તિનો આધાર ખરેખર તારી ઉન્નતિને અવલંબીને રહેલો છે. સમાજ રૂપી યંત્રનું વ્યક્તિ એક ચક્ર છે; અને જેમ એકાદ ચક્ર નબળું પડતાં બીજાની ગતિનો અવરોધ થાય છે, તેમ તંદ્રા આદિને લીધે તે પોતાના રક્ષણ માટે અન્ય વ્યક્તિના બળનો અનુત્પાદક રીતે વ્યય કરે છે. આ પ્રમાણે તેના બળનો નિરર્થક ક્ષય થતાં પોતાના રક્ષણ માટે પણ તે પુરતો બળવાન રહી શકતો નથી. આથી સહજ સિદ્ધ થાય છે કે નિરૂદ્યમી, કર્તવ્યશૂન્ય મનુષ્ય પોતાને અને અન્ય સર્વેને બોજારૂપ થઇ પડે છે. તેનું જીવન નિરસ, શુષ્ક અને કંટાળા ભરેલું થઈ પડે છે. તેના જીવનમાં વાસ્તવિક આનંદ અલ્પાંશે પણ હોતો નથી. કર્તવ્યના યથાર્થ જ્ઞાનવિના તે મિથ્યા ભ્રમમાં તણાઇ સરલ અને સહેલા અને સહેલા લાગતા મોહક ક્ષણીક આનંદના વિષયમાં ફસાય છે; જ્યારે આખરે તેની બેદરકારીનો પાપરૂપ પોટલો તેને વહેવો પડે છે. તેના અવાસ્તવિક આનંદનો અને વસ્તુના બાહ્ય સ્વરૂપનો ક્ષણિક ચળકાટ સહજમાં નાશ પામે છે. કર્તવ્યશુન્ય જીવનનો માઠાં ફળ રૂપ "તંગી" ની ચિંતા તેના હૃદયમાં ખડી થાય છે. તે તેને નિરંતર ચિતાના પાસથી દહે છે અને કર્તવ્યઅભિમુખ થવા પ્રેરે છે.

રે માનવ પ્રાણિ ! આ પ્રમાણે સ્થિતિ અનુરૂપ શુદ્ધ કર્તવ્ય, નિત્ય કર્મ, જ્ઞાન, ધ્યાન, પ્રભુ ભજન, વ્યાવહારિક રોજગાર અને સ્વપર ઉભયના કલ્યાણ રૂપ કાર્ય ક્રમ આદિના સેવન વિના મનુષ્યજીવન વૃથા છે. યોગ્ય પુરૂષાર્થ વિનાનું જીવન અધમ જીવન છે. પ્રસ્તુત્ જમાનો કર્તવ્યનો–ઉદ્યોગનો જમાનો છે. ઉદ્યોગની ભરતી ચઢેલી છે. અને તેમાં રે માનવપ્રાણી જો તું સુસ્તી રાખી પોતાને તારવા યત્નશિલ નહિ થાય તો ભરતીની રેલમાં ડૂબી જવાનો પ્રસંગ આવશે. ઉદ્યોગની ધૂન મચેલી છે. તું તારી સાંપ્રત સ્થિતિ ને ભૂતકાળની સ્થિતિનો વિચાર કર. ધાર્મિક સાહિત્યજ્ઞાન જે પ્રાચીન કાળમાં અતિ ગૌરવ વાળું હતું અને જેથી પુરૂષની સહનશિલતાની ખરી કસોટી થતી હતી તેથી પણ હાલ તું અજ્ઞાત છે. તારી વ્યાવહારિક સ્થિતિ તારા પૂર્વજોની સ્થિતિ સાથે સરખાવતાં સુખરૂપ કે શ્રેષ્ઠ નથી. આ સર્વનું કારણ તારી અભિરૂચીમાં ભેદ એ મુખ્ય છે. પ્રથમના લોકો સહનશીલ કર્તવ્યપરાયણ અને ઉદ્યોગી હતા. તેઓ સંયમી, દ્રઢ સંકલ્પવાન, અને સખ્ત મહેનતુ હતા. પરંતુ હાલતો વિભવના સાધનોનું કીડીઆરૂં ઉભરાયું છે. સાધનો દિન પ્રતિ–દિન વધતાં જાય છે, અને તેમને પ્રાપ્ત કરવાની નિર્બળતા પણ તે સાથે દિન પ્રતિ દિન તેટલીજ વૃદ્ધિંગત થતી જાય છે. પરિણામે ઉકત પદાર્થોનું પ્રબળ આકર્ષણ અને તેમને પ્રાપ્ત કરવાને અયોગ્ય સ્થિતિએ બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થાય છે. પરંતુ ઉદ્યોગી જીવન ગાળવાને ન ટેવાયલો અસહનશીલ તું તેમાં ફાવી શકતો નથી. તારૂં જીવન વિચિત્ર થઇ પડેલું છે; અને તેથીજ મનુષ્યજીવન જે જન્મ સાર્થકની અનુપમ સંધી છે, તેનો પણ યથેચ્છ લાભ તું લેઇ શકતો નથી.

કંટાળી થાકીને પોતાનું જીવન શુષ્ક અને દુઃખરૂપ પુરૂં કરવાનો ઉદ્દેશ રાખી તું યત્ન કરે છે. અન્યને બોજારૂપ થઇ પડવાથી જ્યાં ત્યાં તારો અનાદર અસત્કાર બલ્કે અપમાન થાય છે. બીજાને આનંદને બદલે કલેશનું કારણ તું થઇ પડે છે. કર્તવ્ય ભાન એ આ જમાનાની વાસ્તવિક કુંચી અને કુટુંબ જ્ઞાતિ અને પ્રજા વર્ગ સર્વેના ઉદયનું સાધન છે. રે માનવ ! જો તું સ્વ અને પરનો, જ્ઞાતિ અને અન્ય જનોનો, દેશ અને વિદેશનો, અને સ્વલ્પમાં પ્રાણી માત્રનો ઉદય ઇચ્છતો હોય તો કર્તવ્યશીલ જીવન ગાળ ! જીવન એ એક ફુરસદ નહિ પણ અનુપમ સંધી છે. (ચ લુ)

# दयानुं दान के देवकुमार.

( ગતાંકથી ચાલુ. )

દેવકુમાર. ! શું આ સ્વરૂપાનો પ્રપંચ શું આ વાત ! મારાથી પણ ગુપ્ત. ;' આમ પ્રિયકુમારે કહી દેવકુમારને વધારે શંકિત કર્યો.

" તું અત્યારે ચાલ્યોજા પ્રિયકુમાર! આથી બીજું કંઇ વધારે કહેવા હું માગતો નથી. " દેવકુમારે વગર વિચાર્યું મૈત્રી ઉપર પાણી ફેરવ્યું ને સ્વરૂપાની તથા નવેલિકાની ધારણા બર આવી.

પ્રિયકુમાર સમજ્યો પણ સમય વિચારી બહાર નીકળી ગયો. જેથી દેવકુમારને તેના વર્તન વિષે વધારે શઙ્કા પેઠી જેને મખજી તરફથી અનુમોદન મળ્યું.

" હા બાશ્રી જુઓને પ્રાણરક્ષણની ખાતર માણસ કેવાં અસત્ય વચનો કહાડે છે? " ગજરજીએ સમય સાધી ટપ્પો માર્યો.

" ગજરજી ? જો અત્યારે હું સ્વતંત્ર હોત તો તને ક્યારનોય સ્વધામ પહોંચાડીદેત. " મયલ બોલ્યો એમ છે તો લે બાશ્રી સ્વધામ પહોંચાડે તેના પહેલાં હુંજ તને સ્વધામ પહોંચાડું એમ કહી ગજરજી કમ્મરમાંથી તરવાર કહાડી મયલસિંહ તરફ ધસ્યો. " કેમ હજી સત્ય બોલવું છે ! " ગજરજીએ પુનઃ પૂછયું.

" શુ...સ...ત્ય " બીકના માર્યા બિચારા મયલની જીભ બંધ થઇગઇ.

" કેમ પાપી ? આખર સત્યનોજ જય. બાશ્રી કુમારશ્રીને કહાડનાર પણ આજ દુષ્ટ. સમજ્યાને આ ચાંડાલને વધારે વખત જીવવાદેવો એ સુલભ નથી. ગજરજી એ લાગ સાંધી મીઠું મરચું ભભરાવ્યું.

"માતુશ્રી માફકરો. ઓ ? જીવિતદાતા માફ કરો ખરેખર પાપી હું નથી પણ આ ચંડાલ છે. " રડતાં-રડતાં મયલ બોલ્યો.

વાચક ! જો અશુભ વાસ્નાના સેવકની આ દશા? ને તેના ઉદ્‌ગાર

" બાશ્રી ! હજી પણ આ દુષ્ટ પોતાના સ્વભાવનો ત્યાગ કરતો નથી. મયલ ! હવે તું આ દુનીયામાં ઘણુજ થોડા વખતનો મહેમાન છે." ગજ-રજીએ કહ્યું.

જયમાલાનું હૃદય મયલની સ્થિતિ જોઇ આર્દ્ર થયું. તેણે ગજરજીને કહ્યું. " ગજરજી ? હવે આ પાપીને તેના પાપનો પુરેપૂરો બદલો મળ્યો છે કંઇ પણ સાહસ કરવાની જરૂર નથી. "

" બાશ્રીની આજ્ઞા. " ગજરજી નમ્રતાપૂર્વક બોલ્યો. આથી મયલસિં-હનું હૃદય શાંત થયું.

# પ્રકરણ ૫ મું.

**न कश्चि च्चण्ड कोपानामात्मीयो नाम भूभुजाम् !**
**होतारमपि जुह्वानं स्पृष्टो दहति पावकः ॥**

भर्तृहरि.

સ્મશાનમાં મધ્યરાત્રીએ અભુતસિંહે ભૂતભડકા, અઘોરની ચેષ્ટાઓ, પાણીનું કુંડાળું વડાના બટકાં, તથા મંત્ર સાધનારને જે જે ક્રિયા જરૂરની તે તમામ ક્રિયા જોઇ તેના અંતઃકરણમાં ખાત્રી થઇ કે અવશ્ય દેવકુમાર સિવાય આ કોઇ બીજું નહિ. ક્રોધે તેને ઘેરી લીધો. જો આસપાસના માણસોએ ન વાર્યો હોત તો તે જરૂર મંત્રસાધક મખજીને ભૂંભેંગો કરી નાંખત. પરન્તુ અફસોસ કે સ્વરૂપાએ ના પાડી હતી. એકદમ તે ત્યાંથી તુરત ચાલ્યો ગયો. ને આવી પથારીમાં પડી રહી, આમતેમ આળોટી, દેવકુમારને શી શિક્ષા કરવી તે વિચારમાં આખી રાત્રી વ્યતિત કરી.

સવાર થયું રાજા નિત્યનિયમથી પરવાર્યો. ૮ વાગે કચેરી ભરાણી સિંહાસનની જમણી બાજુએ પાટવી કુમાર—દેવકુમાર, વયોવૃદ્ધ પ્રધાન લક્ષપાલ, રાજ્યપુરોહિત શંકર વગેરેની બેઠકો હતી. જ્યારે ડાબી તરફ સૈન્ય રક્ષક મલસિંહ, કોટવાલ ગજરજી, ખજાનચી વગેરે રાજ્યસેવકોનું સ્થલ હતું. બરાબર સમયે નૃપતિ અભુતસિંહ કચેરીમાં આવ્યો. તેની આકૃતિ, તેનું વર્તન તેનું ચાલવું, હથિઆરોની સ્થિતિ વગેરે ઉપરથી ઘણાએ જાણ્યું કે આજ કંઇ નવાજુની છે. જે માનીનતા ખરી પડી.

નાચમુજરો બંધ રહ્યો. રાજાએ અત્યાર સુધી બનેલી—જોએલી ને સાંભળેલી—સર્વ હકીકત કહી સંભળાવી. દેવકુમારને તો આશ્ચર્ય સાથે કંઇક જુદુંજ ભાન થયું. તેને ક્ષણવારમાં મખજી ઉપર તો ક્ષણવારમાં સ્વરૂપા ઉપર તો ક્ષણવારમાં પ્રિયકુમારને જયમાલા ઉપર શંકા થવા લાગી. તેને સત્યાસત્યનું ભાન રહ્યું નહિ ને અંતઃકરણમાં વિહ્વલતા વધી. તેનું ચિત્ત ચકડોળે ચડયું. હૃદયમાં કારી ઘા વાગ્યો. પોતાના કાર્ય ઉપર પસ્તાયો ને અવિચારને ધિક્કારવા લાગ્યો. ક્ષણમાં મખજી યાદ આવે તો ક્ષણમાં જયમાલા તો ક્ષણમાં સ્વરૂપા યાદ આવે. તેની આ સ્થિતિ જોઇ પ્રજાજનમાંના ઘણાને અભુતસિંહનાં વચનો સત્ય લાગ્યાં.

" કહો, આવા નિર્લજ, રાજ્યલોભી ને પિતૃઘાતક પુત્રનો મારે શોખ ૫ છે. તેના કરતાં તે આ દુનીઆમાં ન હોય એ વધારે સારૂં છે. "અભુતસિંહે કહ્યું.

", સ્વામી ! આપનું એ કથન વ્યાજબી છે પણ તે સંબંધી હજી પૂરેપૂરી તપાસ કર્યાં સિવાય ને કુમારશ્રીના વિચાર જાણ્યા સિવાય કોઇ પણ બાબતનો પૂર્ણ નિશ્ચય કરી બેસવો એ અયોગ્ય છે. જો એમ મંત્ર-પ્રયોગથી રાજગાદિ મળતી હોત તો બધાય રાજા થઈ બેસત." પ્રધાને કહ્યું.

" એ તો હું પણ જાણું છું કે એમ રાજ્યાસન મળતાં નથી; પણ દેવ કુમારે એવી દુષ્ટ વાન્છના ફલીભૂત કરવા પ્રયત્ન કર્યો એ તો ખરી વાતને ?"

" તેમ છતાંય આપે નજરે–પાસે જોઇ—કુમારશ્રીને જોયા છે ? " પ્રધાને પૂછ્યું.

" નજરે જોયા જેવુંજ છે. વળી મખજી મંત્રવાદી સાથે હતો. જો આપને શઙ્કા રહેતી હોય તો મખજીને પૂછવાથી ખાત્રી થશે." રાજાએ કહ્યું.

( આથી દેવકુમારને મખજી વિષે વહેમ ટળ્યો. )

" કંઇ નહિ. મખજીને બોલાવવાની જરૂર નથી. પિતાશ્રી જે કહે છે તે સત્ય છે. " દેવકુમારે કહ્યું.

" જોયું પ્રધાનજી ! સાંભળ્યાં કુંવરનાં વચન. "

" તોપણ હજી ધીરજ ધરવાની જરૂર છે. "

" નહિ. હવે કંઇ ધીરજની જરૂર નથી. આપણે મખજીને શિક્ષા કરશું ને કુંવરને તેના કૃત્યનું ફલ આપીશું તેનો લાભ કંઇજ નહિ. કૃતઘ્નિ કદિકૃતઘ્નતા નહિ છોડે તે કરતાં તેઓનો આ દુનીઆમાંથી નિકાલ કરવો એ વધારે સારૂં છે. ", રાજાએ કહ્યું.

" નહિ નહિ ! એ શું બોલ્યા એમ બને ? "

" સચિવજી ! જેટલો આપણે વિલંબ લગાડીશું તેટલી આપણા જીવને હાની છે. અત્યારે તો મ્હારા કહ્યા પ્રમાણેજ વર્તવું પડશે. " રાજાએ કહ્યું.

" ત્યારે શું આપ કુંવરશ્રીને તથા મખજીને દેહાંત દંડની શિક્ષા કરવા ધારો છો ? "

" બીજું ? "

" જો ત્યારે આપની એવીજ ઇચ્છા છે તો કુંવરશ્રીને તથા મખજીને થોડો સમય પૂર્ણ બંદોબસ્તમાં કેદ રાખી તેમનું વર્તન જોવું ને પછી જો યોગ્ય લાગે તો મૂળ વિચાર અમલમાં મૂકવો. " પ્રધાને સલાહ આપી. (ચાલુ)

# પૂજ્ય મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજીનો વિહાર.

માગસર વદ ૩ ને શુક્રવારના રોજ સવારમાં પૂજ્ય મુનિ મહારાજ શ્રી બુદ્ધિસાગરજીએ મુંબાઇથી ગુજરાત તરફ વિહાર કર્યો છે. વિહાર વખતે ઘણા સદ્‌ગ્રહસ્થો તથા બાઇઓ વિરશાસન જયના આનંદિત ઉદ્‌ગારો કાઢતા ઠેઠ ભાયખલા સુધી ધામધુમ સાથે વળાવા ગયા હતા. મહારાજશ્રીના અત્રે નિવાસ દરમીઆન તેઓશ્રી પોતાના ગુરૂની આજ્ઞાનુ સાર કોઇપણ જાતનાં ખટપટમાં નહી પડતાં શ્રોતા જનને નૈતિક, સામાજીક, ધાર્મિક બાબતોનાં અવર્ણનીય અને અસરકારક વ્યાખ્યાનો દ્વારા ભાષણો આપતા હતા તેમ પોતાના અમુલ્ય વખતનો ઉપયોગ પુસ્તક રચનામાં કે કોઇ ધરમ પરત્વે ઉન્નતિની બાબતમાં વ્યતિત કરતા હતા. બેશક એટલું તો ખરૂંજ છે કે **परोपकाराय सतांविभुतयः** સંત પુરૂષોની લક્ષ્મી એ પારકાના ભલા માટે જ છે તે અક્ષરશઃ ખરૂં છે. આવા વિદ્વાન મુનિરાજો જ્યાં જ્યાં બિરાજે છે ત્યાં ત્યાં સર્વદા શાંતિ અને આનંદજ પ્રસરી રહે છે અને ધર્મનો ઉદ્યાત થાય છે.

આ વિદ્વાન મુનિરાજે છ સાત વર્ષમાં કાંઇ નહિ તો ૨૦–૨૫ પુસ્તકો લખી અનેક જીવો ઉપર ઉપકાર કર્યાં છે. " હાથકંકણુને આરશીની જરૂર નથી " તેમ આ મુનિરાજની વિદ્વતા સંબંધી કંઇ વધુ બોલવાની જરૂર રહેતી નથી. તેઓશ્રીનાં પુસ્તકો ઉપરથીજ તેઓની કેવી નિરમળ અધ્યાત્મ વૃત્તિ ! કેવી જ્ઞાનની ગૌરવતા, જૈન ધર્મોન્તિના અર્થે કેવી તીવ્ર લાગણી અને પુરૂષાર્થથી આગળ વધવાની કેવી ઉત્કંઠા વિગેરે આદર્શની પેઠે બતાવી આપે છે. છેવટ તેઓશ્રીનો વિહાર દરેક રીતે સુખ શાંતિમાં પસાર થાઓ અને ગુજરાતના પાટનગર ઉર્ફે રાજનગરમાં થોડા દિવસમાં પધારો એવું અમો અમારા જીગરથી ઇચ્છીએ છીએ અને તે બદલ પરમાત્મા પ્રત્યે અભ્યર્થના કરીએ છીએ. ૐ **श्री गुरुः**

# બોર્ડીંગ પ્રકરણ.

## આ માસમાં આવેલી મદદ.

૨૦૦૦—૦—૦ બાઈ ગજરી શા. નથુભાઇ ખેમચંદની વિધવા ઓરતના તેમના પિત્રાઇઓની સંમતિથી હા. શા. મોતીલાલ નગીનદાસ. અમદાવાદ.

૫—૦—૦ ઝવેરી બાપાલાલ નહાલચંદ. અમદાવાદ.

૧-૧૨—૦ શ્રી. જૈન શ્વેતાંબર બોર્ડીંગ સહાયક મંડલ તરફથી હ. વકીલ વેલચંદભાઇ ઉમેદચંદ. અમદાવાદ.

૬૫૦—૦—૦ શ્રી મુંબાઇના મોતીનાકાંટા તરફથી હા. શેઠ હિરાચંદભાઈ નેમચંદભાઇ. મુંબાઇ.

૧૫૦-૦-૦ બા. દર મહીને કાયમ રૂ. ૧૫૦) પ્રમાણે આપવા કહેલા તે કાર્તગ માસના

૫૦૦-૦-૦ બા. દુષ્કાળના સબબે ખાસ મદદ તરીકે આપવા કહેલા તે.

૬૫૦-૦-૦

૨૬૫૬-૧૨-૦

## રાજ્યાભિષેકની ખુશાલી.

આપણા નામદાર સાર્વભૌમ મહારાજા શ્રી **પાંચમા** જ્યોર્જ અને મહારાણીશ્રી **મેરી**નો ગઈ તા. ૧૨ ના રોજ દિલ્હીમાં રાજ્યાભિષેક થયો તેની ખુશાલીમાં બોર્ડીંગમાં પ્રભુ પ્રાર્થના કરવામાં આવી હતી અને નામદાર મહારાજા તથા મહારાણીનું દીર્ઘાયુ ઇચ્છવામાં આવ્યું હતું. બોર્ડીંગના મકાનોને ધ્વજા તથા તોરણોથી શણગારવામાં આવ્યાં હતાં તથા રાત્રે રોશની કરવામાં આવી હતી અને તે દિવસે આ માંગલિક પ્રસંગની ખુશાલીમાં બોર્ડીંગના વિદ્યાર્થીઓને મીજબાની આપવામાં આવી હતી.